Shravika Reg. No. 1289.

પુ. ૬ ઠું
અંક ૧ લો.

માર્ચ
સને ૧૯૨૨

# સ્ત્રી સુખ દર્પણ.



તંત્રી શેઠ દેવચંદ દામજી–કુંડલાકર. વ્યવસ્થાપક–ગુલાબચંદ લલ્લુભાઇ શાહ.

# અનુક્રમણિકા.


| નંબર | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૧ | ખરો વૈષ્ણવ. ... ... ... ... ... ... | ૧ |
| ૨ | સત્ય વીરની વિદાય. ... ... ... ... ... | ૨ |
| ૩ | મહાત્મા ગાંધીજીનો સંદેશો. ... ... ... ... | ૨ |
| ૪ | ગૃહદેવી. ... ... ... ... ... ... | ૩ |
| ૫ | રેંટીયાનું રટન અથવા પત્નીનો પતિને પત્ર. ... ... ... | ૪ |
| ૬ | બંગાળની બ્હેનોને. ... ... ... ... ... | ૫ |
| ૭ | વીરનું સ્વરાજ્ય. ... ... ... ... ... | ૭ |
| ૮ | રાષ્ટ્રીય નીર્માણમાં સ્ત્રીઓનું સ્થાન. ... ... ... | ૮ |
| ૯ | જય જય ભારત માત!... ... ... ... ... | ૧૧ |
| ૧૦ | આર્યાવર્ત્તની અબળાઓનું આધુનિક આરોગ્ય. ... ... | ૧૩ |
| ૧૧ | બ્હેનોને સંદેશો. ... ... ... ... ... | ૧૪ |
| ૧૨ | સનત્કુમાર. ... ... ... ... ... ... | ૧૫ |
| ૧૩ | આર્ય યુવતીઓની રણહાક. ... ... ... ... | ૨૩ |
| ૧૪ | રસોડું. ... ... ... ... ... ... | ૨૭ |
| ૧૫ | સમયના પ્રવાહમાં. ... ... ... ... ... | ૩૦ |



**સ્ત્રીસુખ દર્પણ ( શ્રાવિકા )** નું વાર્ષિક લવાજમ પોસ્ટ સાથે રૂ. ૩–૦–૦

હિંદુસ્થાન બહારના મુલક માટે રૂ. ૪–૦–૦

લખોઃ—**સ્ત્રીસુખ દર્પણ–શ્રાવિકા ઓફીસ–ભાવનગર** (કાઠીયાવાડ).




પુ. ૬ ઠું. માર્ચ. અંક ૧ લો.

# ખરો વૈષ્ણવ.

## રાગ—આશાવરી.

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે ને, મન અભીમાન ન આણે રે. વૈષ્ણવ.
સકળ લોકમાં સહુને વંદે, નીંદા તે ન કરે કેની રે;
વાચ કાચ્છ મન નિશ્ચય રાખે, ધન્ય ધન્ય જનની તેની રે. વૈષ્ણવ.
સમદ્રષ્ટી અને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માતા રે;
જીહ્વા થકી અસત્ય ન બોલે, પરધન ન ઝાલે હાથે રે. વૈષ્ણવ.
મોહ માયા સ્પર્શે નહી તેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાંરે;
રામ નામ શું તાલીરે લાગી, સકળ તીર્થ તેના મનમાંરે. વૈષ્ણવ.
વણ લોભી ને કપટ રહીત છે, કામ ક્રોધ નીવાર્યા રે;
ભણે નરસૈયો દર્શન કરતાં, કુળ ઇકોતેર તાર્યા રે. વૈષ્ણવ.

મહાત્મા ગાંધીજી જેલમાં જતાં આ તેમનું પ્રિય ભજન ગવાયું હતુ, નૃસિંહ મહેતાની ભક્તિની લે તેમાં જોવાય છે અને ખરા વૈષ્ય ( વણિક ) ના સાચા સ્વરૂપનો આ નમુનો છે.

# સત્યવીરની વિદાય.

મ્હારા શૂરા સત્યાગ્રહી કંથ હો !
સીધાવો જેલ નિવાસ. ટેક.
દેશ બધે દવ વ્યાપીઓ આજ,
દમન નીતિનો દોર;
ભસ્મ થવું કે શાંતિ કરવી,
શૂર કરે નવ શોર—મ્હારા.
જેલ નહિં એ મ્હેલ ગણાયે,
માણે જેની સ્હેલ;
શાહીદ સાચા સર્વ પ્રજાના,
કાયરને મુશ્કેલ—મ્હારા.
દ્વાર મોક્ષનું દેશ બધાનું,
નિર્દોષીની કેદ;
ધન્ય ગણું પતિ પામ્યા મ્હારા,
ધારૂં શાને ખેદ—મ્હારા.
નાથ ન ચિંતા ચિત્ત ધરો મુજ,
ઘેર રહી કાંતીશ;
જ્યાં લગી પુન્યબળે હું પ્રિતમ,
જેલ મ્હેલ પામીશ—મ્હારા.

નવલરામ જગન્નાથ ત્રિવેદી. બી. એ.

# મહાત્મા ગાંધીજીનો સંદેશો.


મહાત્મા ગાંધીજી દેશસેવા કરતાં સાચી કડવી વાણી બોલવાના ગુન્હા માટે આ માસમાં પકડાયા. આ પ્રસંગે આશ્રમમાં રહેલાઓએ ભજન ગાયાં અને તેમનાં ધર્મપત્નિ દેવી કસ્તુરબા તથા બ્હેન અનસુયા તેમને જેલના દરવાજા સુધી વળોટાવી આવ્યાં.

મહાત્માનો કેસ ચાલ્યો અને વગર દલીલે છ વર્ષની થયેલી સજા તેમણે હર્ષથી સ્વીકારી—કચેરી મટીને એ ઘડી દેવમંદિર બન્યું ને મહાત્માજી પૂજાયા.

દોઢ વર્ષના સતત પરિશ્રમ પછી તેમને શાંતિ ભોગવવા અર્થે તેમજ તેમના પરિશ્રમ પછી દેશ કેટલો કેળવાયો છે તેની પરીક્ષા કરવાને જાણે ઇશ્વરીસંકેત ન હોય ! મહાત્માશ્રીએ જેલમાં જતાં તેમણે દરેકને શાંતિ રાખવાનું કહેતાં એકજ વાત કરી કે—

**કાંતો, વણો અને ખાદી પહેરો.**

## સત્યવીરની વિદાય.




નાથ ન ચિંતા ચિત્ત ધરો મુજ, ઘેર રહી કાંતીશ.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસ–ભાવનગર. આર્ટીશ રા. બી. કે. ગુરજર.

# ગૃહ દેવી.

**લેખીકા શ્રીમતી હરકોર ચત્રભજ—પાલીતાણા.**

જે સમયે દેશ આબાદ અને સ્વતંત્ર હતો, ત્યારના સુખી સમયને લોકો રામરાજ્ય કહે છે. એ રામરાજ્યના મુળ સમયમાં જુઓ કે કૃષ્ણ–યુગમાં ફરો; પરંતુ જ્યાં શાંતિ, આબાદી અને ધર્મ છે, ત્યાં સ્ત્રીઓને ભુલવામાં આવી નથી; એટલુંજ નહિ પણ આગળ કહેલ છે. રામે પોતાના સ્મરણમાં પહેલું સ્થાન સીતાને અપાવ્યું ને લોકો તે પ્રમાણે સીતા–રામ એ ધૂનથી ભક્તિ કરતાં થયાં. કૃષ્ણે રાધાને પ્રથમ પદ આપ્યું ને હજુએ લોકો રાધે–કૃષ્ણના એકઠા નામથી તેમને સંભારી રહ્યાં છે. કોઇપણ ધર્મમાં–ધર્મક્રિયામાં કે આત્મધર્મ સંભાળવામાં સ્ત્રીની હાજરી પૂછાય છે. અને સજોડા વિનાની સેવામાં ઉણપ મનાય છે.

આ વાત લોકો ભુલી ગયા અને પુરૂષોને જે સ્વતંત્ર સત્તા–હકુમત મળી તેનો લાભ લઈને સ્ત્રીઓને દબાવી દેવાને પ્રયત્ન શરૂ થયો. વહેવારમાં, ધર્મકાર્યમાં કે ખાવા પીવામાં જ્યાં જોઈએ ત્યાં સ્ત્રીના સ્થાનને ઉતારી પાડવાને પ્રયત્નો થવા લાગ્યા.

આ સમય તોફાની હતો. માંહોમાંહે લડવામાં કે વ્યસનોમાં છવાઈ જવાથી ક્ષાત્રતેજ હરાવા લાગ્યું. તેનો લાભ લઇ પરદેશી સત્તાએ પગપેસારો શરૂ કર્યો. મરાઠા અને મુગલ, બ્રાહ્મણ અને જૈન, હિંદુ અને મુસ્લીમ એમ વર્ણાંતર ભેદમાં વાદ મંડાયા. એક બીજાને લુટી લેવા, પાયમાલ કરવા કે બને તો નાશ કરવાને ગડમથલો કરવા લાગ્યા. આવા કટાકટીના સમયે સ્ત્રીઓએ પોતાની આબરૂ–શિયળની રક્ષા કરવાની પહેલી ફરજ માનીને આવા જીણા ફેરફારની દરકાર ન કરી.

જો કે સમયસુચકતાથી આર્ય સ્ત્રીઓ શિયળ રક્ષા માટે યશ મેળવી ગઇ. ભલભલા તાજોને પણ આર્ય સ્ત્રીઓના શિયળ–તેજ પાસે નમવું પડયું. ઘણીએ લડીને, ઘણીએ પ્રાણ આપીને કે ગમે તે ભોગે પણ આર્ય સ્ત્રીઓની શિયળ રક્ષા તો અમર રહી ગઈ. પરંતુ તેવા વખતે પુરૂષોએ દરેક શુભ કાર્યમાં સ્ત્રીઓને સાથે રાખવાની ફરજનો ખ્યાલ ભુલાઈ ગયો. સ્ત્રીઓનું સ્થાન ઘરમાં પુરાઈ રહેવા–બુરખે ફરવા કે સતિ થવા સિવાય બીજું ન રહ્યું. અજ્ઞાન બાળાઓ ! અહીંથીજ તમારી પડતીની શરૂઆત થઈ, સંધ્યાકાળ દેખાયો અને અનુક્રમે સ્ત્રી જીવનમાં ઘોર અંધકાર છવાઈ ગયો.

દિવસ પછી રાત્રી જેમ આવે છે, તેમ રાત્રી પછી દિવસ ઉગવોજ જોઈએ. એટલે આ વાતથી સ્ત્રીઓને કંઈ નિરાસ થવાનું નથી. પણ બેવડા જોરથી જાગી ઉઠવાનું છે. પ્રભાત થઈ ચુકયો છે, એટલે આળસ મરડીને ઊભા થવાનું છે અને આત્મધર્મ તથા રાષ્ટ્રધર્મમાં સ્ત્રીઓનું અગ્રસ્થાન છે, તે બતાવી આપવાનો સમય આવી લાગ્યો છે, તે પ્રમાદમાં ગુમાવી દેવાનો નથી.

જાગો બ્હેનો ! જરા આળસ તજી ઉંચે જુઓ, સૂર્ય ચઢવા લાગ્યો છે. મહાત્મા ગાંધી વગેરે દેશનાયકો તમને નોતરી રહ્યા છે કે તમારા વિના અમારા યુદ્ધમાં ઉણપ છે. તેઓ ખુલ્લા શબ્દોમાં કહે છે કે—" આપણે ( પુરૂષો ) આપણી સ્ત્રીઓને આપણી હિલચાલમાંથી અલગ રાખી, તેથી પક્ષઘાતનો ભોગ થઈ પડયા છીયે. પ્રજા એક પગે ચાલે છે; તેનાં બધાં કાર્ય અરધાં ને અધુરાં જોવામાં આવે છે. અને જ્યાંસુધી આપણી સ્ત્રીઓ આપણા વિષયનું પાત્ર અને આપણી રસોયણ મટી આપણી સહચારી–આપણી અર્ધાંગના–આપણી સુખ દુઃખની ભાગી પણ ન બને, ત્યાં લગી આપણા સર્વ પ્રયાસ મિથ્યા જણાય છે. જ્યાંસુધી સ્ત્રી જાતિ હિંદુસ્થાનમાં એક રતી ભાર પણ દબાયેલી રહેશે અથવા ઓછા હક્કો ભોગવતી હશે, ત્યાંસુધી હિંદુસ્થાનનો ખરો ઉદ્ધાર થવાનો નથી."

આ ખુલ્લો થયેલો વ્યાધિ મીટાવવામાં જેમ પુરૂષોએ વિશાળ હૃદયથી સ્ત્રીઓને ગૃહદેવીનું સ્થાન આપ્યું છે, તેમ સ્ત્રીઓએ પણ તે સ્થાનની યોગ્યતા બતાવી આપવાને હવે વિલંબ કરવો જોઈતો નથી.

## રેંટીયાનું રટન અથવા પત્નીનો પતિને પત્ર.

### કવાલી.

જીવનમાં આ મઝા સ્વામી, ન દીઠી સ્વપ્નમાં ક્યારે ?
**સુતરને તાંતણે** ચિતડું, ચોટયું છે નાથ અત્યારે. ૧
દિવસ ને રાત આનંદમાં, વિતે છે **કાંતતાં** પ્યારા;
નકામી નારીઓ સંગે, ગુમાવું ના દિનો મારા. ૨
નથી ગમતી નિંદા કોની, નથી ભમતી ગૃહે પરનાં;
પ્રભુ ગાને મગન રહેતી, કાંતીને આંગણે ઘરનાં. ૩
સુંદર **ચરખો** નિહાળીને, સખીઓ અંતરે હરખે;
શીખે છે કાંતતા સ્નેહે, પરસ્પરનું સુતર નિરખે. ૪
**સુદર્શન** ચક્રની પૂજા, પ્રભુ સમજી કરૂં પ્રિતે;
**મોહનનાં** ગાનમાં ઘેલી, થઈ **ગોપી** રટું નિત્યે. ૫
ગુરૂ **ગાંધીજીને** કહેજો, ગમે છે અંતરે **ચરખો**;
વિલોકી **ખાદીની** સાડી, ભારત ભક્તિ નયણે નિરખો. ૬
પરાયા દેશનાં વસ્ત્રો, **બાળીને** મસ્ત છું મનમાં;
**ઝેર** સમ અંતરે સમજું, ન જોશો કોઈ દિ તનમાં. ૭
ત્રુટયાં તારો **ગુલામીનાં**, **સુદર્શન** ચક્રના તારે;
**સ્વદેશી** મંત્રને જપતાં, સુખે **સ્વરાજ્ય** છે મારે. ૮

( શિવ. )

# બંગાળની બ્હેનોને.

---

આર્થિક સંકટના નિવારણને અર્થે રેંટીયો દાખલ કરવા બંગાળે તનતોડ પ્રયત્નો કરવા જોઈશે. રેંટીયાનો પુનરુદ્ધાર કરવાનો મુખ્ય ભાર આપણી સ્ત્રીઓને માથે છે; આપણા પુરુષોએ તેમની સહાયમાં રહેવું જોઈએ. વળી નિરૂદ્યોગીને રેંટીયાથી રોજી મળશે એ પણ રેંટીયો દાખલ કરવાની તરફેણમાં એક અત્યંત મહત્ત્વની દલીલ છે. આપણી વસ્તીના ૯૩ ટકા ગામડામાં વસે છે. આ ગામડાંના લોકો મધ્યાન્હે ઉંઘ કાઢીને કે ટોળાં વળી ગામગપાટા મારીને કે ગંજીફા અથવા શેતરંજ ખેલીને વખત નાહક બરબાદ કરે છે. બાકરગંજ કે ખુલના જેવા જીલ્લામાં જ્યાં એકજ મોલ વાવવાનો ને લણવાનો હોય છે, ત્યાં ખેડુતોને વરસમાં ત્રણ મહિના પૂરતુંજ કામ રહે છે. બાકીના નવ મહિના તેઓ કેવળ બેકાર પડી રહે છે. આ પરાણે આવી પડતા નિરુદ્યોગનું પરિણામ વરસોવરસ પડતા ભયંકર દુકાળોમાં સ્પષ્ટ જોઈ શકાય છે. જો રેંટીયા ચાલુ હોત તો એકજ વર્ષનો પાક નિષ્ફળ જવાથી જે લોકો નિરાશામાં મરી જાય છે તે ન મરી જાત, પણ રેંટીયાને ગૌણ ધંધો ગણી તેની મદદથી પોતાનું ગુજરાન મેળવી શકત. કાંતવાની ટેવ દાખલ કરવાને દરેક જણે—બંગાળના દરેક પુખ્ત ઉમરના સ્ત્રી-પુરૂષે દરરોજ ઓછામાં ઓછા બે કલાક કાંતવાનું વ્રત લેવાની જરૂર છે. એકવાર કાંતવાની ટેવ પડી જશે એટલે પછી જૂના દિવસોની પેઠે રેંટીયો આપણાં ઘરોમાનું ઘરેણું થઇ પડશે. ઘરોમાં હાથકંતામણ દાખલ કરવું એ પોતેજ એક ઉચ્ચ ધ્યેય છે અને એ ધ્યેયની પ્રાપ્તિ માટે બંગાળના શ્રીમંત અને વચલા વર્ગોએ પોતાને ન ગમે તોપણ દેશસેવાને અર્થે રેંટીયાને ફેરવવા બેસવું પડશે. તવંગર અને ગરીબ, પુરૂષ અને સ્ત્રી, વૃદ્ધ અને બાળક સૌએ પૂરી ગંભીરતાથી બંગાળના ઘરોમાં રેંટીયાની સ્થાપના કરવાનું આ મહત્કાર્ય પાર ઉતારવું જોઈએ.

બીજો પણ એક મુદ્દો છે. રેંટીયાની સ્થાપનામાં સફળતા મેળવવા માટે આપણે જાડા સુતરથી અને જાડા કાપડથી સંતોષ માનવો જોઈશે. એમ તો જણાયું જ છે કે અમુક વખતમાં ઝીણા સૂતર કરતાં જાડું સૂતર પ્રમાણમાં વધારે કંતાઇ શકે છે. તેથી આપણે સર્વેએ હાલ તુરતને માટે ખાદી અથવા જાડું કપડું પહેરવું જોઈએ. પરદેશી કાપડના વપરાશનું સૌથી વધારે પાપ બંગાળને શિરે છે. શ્રીમંત કે ગરીબ સૌ બંગાળીઓની નજર ઝીણા કાપડ પર રહે છે. પંજાબ, બિહાર કે મધ્ય પ્રાંતમાં તો હજુ પણ કેટલેક અંશે ઘેર કાંતેલાં કપડાં પહેરવાનો રિવાજ છે, પણ બંગાળમાં આપણાં વસ્ત્રને માટે આપણે પૂરેપૂરા પરાશ્રયી બની ગયા છીએ.

આપણો સ્ત્રી વર્ગ જો ખરા જીગરથી અને ઉચ્ચ વૃત્તિથી આ કાર્ય નહિ ઉપાડી લે તો એ કાર્ય યશસ્વી નીવડવું અસંભવિત થશે. આ દુર્ગુણને લીધે આપણા લોકો કેટલાં ભારે ખર્ચોમાં સંડોવાયા છે એનો ક્ષણભર વિચાર કરો. રોફની આ લાલસાએ ગંજીફ્રાક, ખમીસ વગેરે કેટકેટલી નિરૂપયોગી વસ્તુઓની જરૂર ઉભી કરી છે. જાડું કપડું વાપરીને આ જુઠા શોખની વસ્તુઓ પર સ્હેજે કાપ મૂકી શકાય એમ છે. આપણી સ્ત્રીઓને મારી આગ્રહપૂર્વક વિનંતિ છે કે તેઓ હવેથી કોઈપણ દિવસ ઝીણા કાપડનું નામ ન લેવાની પ્રતિજ્ઞા લે. તેઓ પોતેજ જાડા કપડાં પહેરે; એટલુંજ નહિ પણ બીજાને પણ તેમ કરવા સમજાવે. **જેમ જૂના વખતની રજપુત વીરાંગનાએ રણમાંથી નાસી આવેલા પતિને ગઢમાં પેસવા દેવાની ના પાડી હતી, તેજ પ્રમાણે આજની સ્ત્રીઓએ જે પતિઓ ઝીણું કાપડ પહેરવાની હઠ પકડે તેમની સામે થવું જોઇએ.**

હાથકંતામણના કપડા પહેરવામાં દ્વેષ તો લવલેશ પણ નથી. આપણી જમીનની ઉપજ પર ગુજરાન કરવાનો આપણો જેવો જન્મસિદ્ધ હક્ક છે તેજ જાતનો જન્મસિદ્ધ હક આપણને આપણાં ખેતરોમાં ઉગેલા અને આપણા ઘરોમાં કંતાએલા રૂમાંથી આપણાં વસ્ત્ર પેદા કરી લેવાનો છે. સ્વદેશપ્રીતિ તો માણસમાં એ જ ભાવના ઉત્પન્ન કરશે કે વસ્ત્રના પ્રશ્નની આ બાજુની ઉપેક્ષા કરવી એ લગભગ પાપ છે.

અંતમાં મ્હારે એટલું ઉમેરવાનું રહે છે કે 'રેંટીયા' વિષેની આ પત્રિકાના લેખક શ્રીમાન્ સતીશચન્દ્ર દાસગુપ્ત 'બંગાળ કેમીકલ' ના સુપરિન્ટેન્ડન્ટ અને મુખ્ય કાર્યકર્તાઓમાંના એક છે. અર્વાચીન યંત્રપદ્ધતિના અત્યારના લાભ અને ભવિષ્યના વિશેષ લાભનું સંપૂર્ણ જ્ઞાન તેઓ ધરાવે છે. રેંટીયાનો પુનરૂદ્ધાર કરવાની શકયતા વિષે મને પોતાને પણ ભારે શંકા હતી. ખરૂં કહું તો આ જમાનામાં જ્યારે કાંતવાનાં યંત્રો લગભગ પૂર્ણતાએ પહોંચ્યાં છે, તે વખતે રેંટીયાથી કાંતવાનો વિચાર મને એક કાળે હાસ્યાસ્પદ અને કશું પણ ધ્યાન ન દેવા જોગ લાગતો હતો, પણ હકીકત અને આંકડાઓથી મારી ખાત્રી થઈ છે—મારી સંપૂર્ણ શ્રદ્ધા છે કે જો આપણે સાડાચાર કરોડ બંગાળીઓ રેંટીયા ફેરવવાનો અને રેંટીયા પર કંતાએલા સૂતરનાં જ કપડા પહેરવાનો નિશ્ચય કરીશું, તો પછી આપણે આપણી વસ્ત્રની જરૂરીયાતો પૂરી પાડવા માટે પ્રાંત બહાર નજર કરવાની નહિ રહે. મને આશા છે કે 'રેંટીયા' વિષેની આ પત્રિકા છૂટથી વંચાશે.

**ડૉ. પ્રફુલ્લચંદ્રરાય.**

---

બંગાળના જાણીતા રસાયણશાસ્ત્રી ડૉ. રાયે એક બંગાળી પત્રિકાને રેંટીયાના ઉદ્યોગની સફળતા માટે દલીલપૂર્વક લેખ લખ્યો છે, તેમાંથી આ સ્ત્રી ઉપયોગી સંદેશો જુદો તારવી લેવામાં આવ્યો છે.

**તંત્રી.**

# વીરનું સ્વરાજ્ય.

( ગરબો )

સખીઓ ત્રિશલા નંદન વીર જીનેશ્વર વંદીએ રે,
જન્મ્યા જગ ઉદ્ધારણ કાજે વીર કુમાર;
પરમ પવિત્ર પન્હોતી પગલી જગ અજવાળતી રે.
જેણે દીધું જગને વિશ્વ સેવનું જ્ઞાન;
એવા વીર પ્રભુની જન્મ જયંતી ઉજળી રે. ૧

સાખી— ભક્તિ માત પિતા તણી, બંધુ ભાવ અપાર;
શક્તિ મેરૂ થકી ઘણી, ગર્વ નહિં તલભાર.

જેણે આત્મસમું ભાળી વિશ્વ બતાવીયું રે;
સ્વાશ્રય એ તો જેનો જીવનમંત્ર રસાળ. એવા. ૨

સાખી— "**જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ**" ના, મહામંત્રના તાર;
જીવન સિતારે ગુંજીયા, મોક્ષ માર્ગના સાર.

સ્થાપી સંઘ ચતુર્વિધ સત્ય અહિંસાત્મક બન્યા રે;
કીધો સ્યાદ્વાદ્-અદ્વૈત તણો પોકાર. એવા. ૩

સાખી— અસહકાર અરિથી કર્યો, સત્યાગ્રહ સુરસાળ;
સ્વદેશ મુક્તિ સટે કર્યો, ત્યાગ યજ્ઞ મર્માળ.

સાચી સ્વતંત્રતાને કાજે સૌ જગ વિચર્યા રે;
મણિમય પામ્યા અવિચળ શિવ સૌભાગ્ય સ્વરાજ્ય.
એવા વીર પ્રભુની જન્મ જયંતિ ઉજળી રે. ૪

—પાદરાકર.

પ્રભુ મહાવીરનો જન્મ પચીસો વર્ષ પૂર્વે ચૈત્ર શુદી ૧૩ ના દિવસે થયો હતો. તેમણે અહિંસા ફેલાવવા પાછળ જીવન અર્પ્યું હતું. જગતમૈત્રી એ તેમની ઉદાર ભાવના હતી. અને આત્મબળ તેમના જીવનમાં ક્ષણે ક્ષણે ઓપી રહ્યું હતું. જેની અપૂર્વ પ્રભા એ વીરનું સ્વરાજ્ય.

# રાષ્ટ્રીય નીર્માણમાં સ્ત્રીઓનું સ્થાન.

(વકતા—સ્વામી સત્યદેવ.)

સ્ત્રીઓની મદદ વિના રાષ્ટ્રનો ઉદ્ધાર થવો અશક્ય છે. માટે સ્ત્રીઓએ જાગ્રત થઈ રાષ્ટ્રકાર્યમાં મદદ કરવી જોઈએ. સ્ત્રીઓએ મુખ્યતઃ બાળકોની કેળવણી પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. છોકરાઓ અને છોકરીઓને મજબુત બનાવવાં જોઇએ. જે બાળકોની માતા સુશિક્ષીત અને મજબુત હોય તેમના હૃદયમાં ભય ઉત્પન્ન થઈ શકેજ નહીં. આજે આપણે દેશના ઉદ્ધારને માટે ભય તજવાની જરૂર છે. અને માતાઓ જો બાળકોનો ભય નહીં તજાવશે તો દેશનો ઉદ્ધાર શી રીતે થશે ? સ્ત્રીઓએ પોતાના અને બાલકોનાં શરીર મજબુત કરવાની બહુ જરૂર છે. દેશને જો કોઈ વસ્તુની સહુથી મોટી જરૂર હોય તો તે શારીરિક બળની છે. આપણા દેશના લોકો શરીરે દુર્બળ હોવાથીજ આપણી અધોગતી થઈ છે. આજે ભારે કામ માતાના શીરપર આવી પડયું છે અને તે શિક્ષણનું છે. હર પ્રકારે બાળકોને કેળવવા અને તેમની માવજત કરવી એ માતાનું કાર્ય છે. બાળકને કઈ વસ્તુ ખવરાવવી અને કઈ ન ખવરાવવી. કઈ વસ્તુ તેને માટે લાભકારક છે અને કઈ નથી તે તેણે જાણવું જોઇએ. વળી નિયમસર અને વખતસર ભોજન આપવું એ પણ તેનું કર્તવ્ય છે. ઘણી માતાઓ બાળકોને નિયમસર ભોજન આપતી નથી, તેમને વખતસર ખવરાવતી નથી, આથી તેમનું સ્વાસ્થ્ય બગડે છે. ઘણી માતાઓ બાળકોને શું ખવરાવવું અને શું ન ખવરાવવું તે જાણતી નથી. આ બેદરકારી દૂર કરવાની જરૂર છે. નાની નાની બાબતોને મોટાં મોટાં કાર્યોની સાથે સંબંધ હોય છે. જો તમે નાની બાબતો પ્રત્યે લક્ષ નહીં આપો તો તમે કદી મહત્કાર્યો કરી શકશો નહીં. આપણો દેશ હાલમાં પતીત અવસ્થામાં છે. હવે જો એનો ઉદ્ધાર કરવો હોય તો સર્વ અંગો સુધારવાં જોઇએ. જ્યાંસુધી સર્વ સામગ્રી સારી અને ઉત્કૃષ્ટ દશામાં ન હોય, ત્યાંસુધી રાષ્ટ્રની ઉન્નતિ થઈ શકે નહીં. પ્રત્યેક માતાની ફરજ હીંદની ઉન્નતિ માટે પ્રયત્ન કરવાની છે. હીંદને આજે બળવાન અને સશક્ત બાળકોની જરૂર છે. નિર્બળ અને અશક્ત બાળકોની જરૂર નથી. જેઓ યુદ્ધમાં જઈને લડાઈ કરી શકે એવા બાળકોની જરૂર છે. અશકત બાળકો શું કરી શકશે ? સ્ત્રીઓના કર્ત્તવ્યોની માહીતી આપનારાં નાનાં નાનાં પુસ્તકો છપાવી તેમને સ્ત્રીઓમાં વહેંચવા જોઈએ. ઘણી સ્ત્રીઓ બાળકોને શી રીતે કેળવવાં તે જાણતી નથી. ઘણી સ્ત્રીઓ કેળવણીથી કાંઈ લાભ થાય છે કે કેમ તેજ જાણતી નથી. અનેક સ્ત્રીઓ માને છે કે બાળકોને કેળવવાની કાંઈ જરૂર નથી, તેઓ એમને એમ મોટાં થશે. આ મહાન ભુલ છે. અલબત, તેઓ મોટાં તો થશે, પરંતુ મુરખ રહેશે. આજે જે બાળકો છે તે

કાલે મોટાં સ્ત્રી-પુરૂષો થશે. તેમની ઉપર દેશની ઉન્નતિનો આધાર છે. તો શું તમે તેમને મૂર્ખ રહેવા દેશો ?

હવે કેળવણીના સંબંધમાં એક અતી મહત્ત્વની બાબત પ્રત્યે હું તમારૂં ધ્યાન ખેંચીશ. તે બાબત ભાષાની છે. આજે તમારી સમક્ષ કઈ ભાષામાં શીક્ષણ આપવું એ મહાન પ્રશ્ન ઉપસ્થિત થયો છે. અને તમારે ડહાપણપૂર્વક તેનો નિર્ણય કરવો જોઈએ. જે ભાષા બાળકોની માતૃભાષા હોય તેજ ભાષામાં તેમને શીક્ષણ આપવું જોઈએ. એ સિવાયની બીજી કોઈ પણ ભાષામાં તેમને શીક્ષણ આપવું એ સમય અને શકિતનો નાશ કરવા સમાન છે. આજે અંગ્રેજી ભાષાને જે અગ્રસ્થાન આપવામાં આવ્યું છે તે અયુક્ત છે. ભાષા અને સાહીત્ય એ રાષ્ટ્રની મહાન સંપત્તિ છે. જે દેશનું સાહીત્ય સારૂં હોય છે, તે દેશ ઉન્નત હોય છે. શબ્દોમાં મહાન બળ રહેલું હોય છે. અને બાળકોને શબ્દોનો પ્રયોગ કરતાં માતા શીખવે છે. માટે જો તે સારા શબ્દો બોલે તો બાળકની ઉપર સારી અસર થાય છે અને ખરાબ શબ્દો બોલે તો ખરાબ અસર થાય છે. સ્ત્રીઓને માતૃભાષાનું જ્ઞાન હોવાની જરૂર છે. જેઓ ગુજરાતી હોય તેમને ગુજરાતી ભાષાનું અને જેઓ હીંદી હોય તેમને હીંદી ભાષાનું જ્ઞાન હોવાની જરૂર છે. તેમણે સારા સારા ગ્રંથોનું અધ્યયન કરવું જોઇએ. પુસ્તકો મનુષ્ય જીવન ઉપર બહુ ઉંડી અસર કરે છે. હું એક દાખલો આપીશ કે-એક અમેરીકન બાઈએ 'અનકલ ટોમસ કેબીન' એ નામનું પુસ્તક લખ્યું હતું. તેમાં ગોરાઓ પોતાના સીદી ગુલામો પર કેવા અમાનુષી અત્યાચારો કરતા હતા. તેનું અતી અસરકારક ભાષામાં વર્ણન કર્યું હતું. આ ગ્રંથે જનસમાજ પર એટલી ભારે અસર કરી કે તેથી ગુલામોની મુક્તિને માટે અમેરીકામાં યુદ્ધ થયું. હબસીઓને સ્વતંત્રતા આપવાની ઇચ્છા ધરાવનાર વર્ગ અને વિરોધી વર્ગ વચ્ચે લડાઈ થઈ અને પરીણામે હબસીઓને સ્વતંત્રતા મળી. આ ગ્રંથને લીધે અમેરીકામાં રાજકીય અને સામાજીક પરીવર્તન થઈ ગયું. આ ગ્રંથનો હીંદીમાં અનુવાદ થયો છે. અંગ્રેજીમાં તેની લાખો નકલો ખપી ગઈ છે અને યુરોપની સર્વે ભાષાઓમાં તેનું ભાષાંતર થયું છે, માટે તમારે તમારાં બાળકોને ઉત્તમ ગ્રંથોનું અધ્યયન કરાવવું જોઈએ. મહાન પુરૂષોની મહત્તાનું રહસ્ય એજ છે કે તેમની માતાઓએ તેમને સારા સારા ગ્રંથોનો અભ્યાસ કરાવ્યો હતો. આપણા દેશનાજ મહાન ગ્રંથોનો દાખલો લો. આપણા દેશમાં રામાયણ અને મહાભારતે જે અસર કરી છે, તેનું માપ કોણ કરી શકે એમ છે ? આ ગ્રંથો આપણી સ્વભાષામાં છે અને પ્રત્યેક માતાએ પોતાનાં બાળકોને તેનો અભ્યાસ કરાવવો જોઇએ. એ કેળવણી માતૃભાષામાંજ આપવી જોઈએ. ભાષા એ રાષ્ટ્રનું જબરજસ્ત સાધન છે અને જે માતાઓને ભાષાનું જ્ઞાન હોય છે તેઓ બાળકોને સારી રીતે કેળવી શકે છે. આપણે કેળવણીના અધ્યયનને માટે અંગ્રેજી ભાષાનો આશ્રય લેવાની જરૂર નથી. તમે ભલે અંગ્રેજી

ભાષા સેકન્ડ લેંગ્વેજ (બીજી સામાન્ય ભાષા) તરીકે શીખવો. વળી હું એવો મત ધરાવું છું કે નાનાં બાળકોને શીક્ષણ સ્ત્રી શીક્ષકો દ્વારાજ મળવું જોઈએ. કારણકે બાળકોનાં મનોગત વિચારો સ્ત્રીઓ વધારે સારી રીતે સમજી શકે છે. સ્ત્રીઓજ બાલકોનું સુંદર ચારીત્ર્ય ઘડી શકે છે, પુરૂષો તેમ કરી શકતા નથી. હું અમેરીકાથી આવ્યો ત્યારથી બાલકોને સ્ત્રીઓ દ્વારા શીક્ષણ મળવું જોઈએ એવો ઉપદેશ આપતો રહ્યો છું. પુરૂષોએ નાનાં બાળકોને ભણાવવા ન જોઈએ. સ્ત્રીઓનાં કોમળ હૃદય હોવાથી તેઓ પ્રેમ અને સહાનુભૂતીથી બાળકોને શીક્ષણ આપી શકે છે. જ્યારે પુરૂષો શું કરશે? તેઓ તો થપડજ લગાવશે. માટે રાષ્ટ્રમાં જ્યાંસુધી શીક્ષણ સુધરે નહી ત્યાંસુધી રાષ્ટ્રની ઉન્નતી થશે નહી. માટે આપણા દેશમાં સારી અધ્યાપીકાઓ તૈયાર કરવાની જરૂર છે. શીક્ષણમાં આદતો બાંધવી, ચારીત્ર્ય ઘડવું એ મુખ્ય કામ છે. ચારીત્ર્યહીન બાળકો ભવીષ્યમાં સારાં નીવડી શકતાં નથી. સ્ત્રીઓની ઉપર રાષ્ટ્રને નીર્માણ કરવાનો ભાર રહેલો છે. સ્ત્રીઓ આદર્શ છે. રામાયણમાંથી સીતાને કાઢી નાંખશો તો શું રહેશે? મુખ્ય આદર્શ સીતાનો છે. મહાભારતમાંથી દ્રૌપદીને કાઢી નાંખશો તો શું રહેશે? પ્રત્યેક સાહીત્યમાં સ્ત્રીઓને આદર્શ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

હવે એક બીજી બાબત પ્રત્યે હું તમારૂં ધ્યાન ખેંચીશ. અને તે સાદાઈ છે. તમારે સાદાઈ ગ્રહણ કરવાની છે. તમારે ગ્રામ્ય જીવન ગાળવાનું છે. શહેરી જીવન સારૂં નથી, ગ્રામ્ય જીવન સારૂં હોય છે. આતો યંત્રોનો જમાનો છે, તેમાં સાદાપણું રહેતું નથી. ગ્રામ્ય જીવનમાં આવશ્યકતાઓ થોડી હોય છે, તમારે જરૂરીઆતો થોડી રાખવી અને આદર્શ ઉંચો રાખવો. સ્ત્રીઓમાં પુરૂષોની જેવો સ્વાર્થ કદી પણ આવવો ન જોઈએ. હીંદમાં સ્ત્રીઓની ઉન્નતીને માટે થોડા સમયથીજ પ્રયત્ન કરવામાં આવે છે. હવે ઘણી સ્ત્રીઓને કર્ત્તવ્યા કર્ત્તવ્યનું ભાન થયું છે. રાષ્ટ્રના નીર્માણમાં માતાઓએ હીસ્સો આપવો જોઈએ. સ્ત્રીઓમાં આગ્રહ છે, તેઓ જે વાત પકડે તેને છોડતી નથી. સ્ત્રીઓ જો મદદ નહી કરશે તો રાષ્ટ્રનો ઉદ્ધાર શી રીતે થશે? હીંદનું પ્રારબ્ધ બનાવનાર સ્ત્રી છે, પરંતુ સ્ત્રીને તેની પ્રતીતિ થવી જોઈએ. જ્યાંસુધી સ્ત્રીઓના દિલમાં મજબુતી ન આવે, ત્યાંસુધી રાષ્ટ્રનો ઉદ્ધાર થઈ શકનાર નથી. પુરૂષ હામ મુકી દે ત્યારે સ્ત્રી તેને હીંમત આપી તેના જીવનને ઉત્તેજીત કરી નાંખે છે. તુલસીદાસનુંજ ઉદાહરણ લો. તેમની પત્નીએ તેમને સ્ત્રીનો મોહ છોડી પરમાત્માનું ધ્યાન ધરવાનો બોધ આપ્યો હતો અને તેથીજ તેઓ મહાન ભક્ત બન્યા હતા. ભગવાન બુદ્ધના માર્ગમાં તેમની પત્ની યશોધરાએ જો વીઘ્ન નાંખ્યું હોત તો તેઓ જગદુદ્ધારક ન બની શકયા હોત. હીંદની સ્વતંત્રતા માટે જ્યારે સ્ત્રીઓ બહાર પડશે, ત્યારે તેઓ પુરૂષોને પણ હઠાવી દેશે. કોઈ પણ દેશે સ્ત્રીઓની સહાય વિના ઉન્નતિ કરી નથી.

---

મુંબઇની રાષ્ટ્રીય સ્ત્રી સભાના આશરા હેઠળ મારવાડી વિદ્યાલયમાં અપાએલું ભાષણ.

# જય જય ભારતમાત !

લેખક માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક—સુરત.

( ગુણવંતી ગુજરાત—એ રાગ )

જય જય ભારત માત ! અમારી જય જય ભારત માત.
અર્પણ કરીએ જાત ! અમારી જય જય ભારત માત.

દેશ ભક્તિના પુનિત ગંગમાં, પાવન કરીયા પ્રાણ;
ઝીલીએ દુઃખડા જન્મભૂમિના, અમ જીવન રસ-લ્હાણ.
દયામયી ! પ્રગટી પુણ્ય પ્રભાત—અમારી.

અમ આંગણીએ નવીન યુગના, દીવ્ય સુર સોહાય;
કોણ અભાગી એ સુર સરિતામાં, નવ ઝોળે કાય.
ત્રિલોકે તું અતિશય પ્રખ્યાત—અમારી.

વનિતા પણ છે વિશ્વતણું સરજ્યું, વિભુએ મહા અંગ;
દેશ તણે પડખે રહી કરીએ, સત્ય-શિયળનો સંગ.
વિતિ ગઈ તુજ ગોઝારણ રાત—અમારી.

દેશ સેવાના કાજે કરીએ, અર્પણ આત્મ-શરીર;
વિશ્વ સમીપે ધરીએ આજે, હિંદ ભૂમિનું હીર.
જગતનું સ્વર્ગસદન સાક્ષાત—અમારી.

તુજ લાડીલી ગુર્જરવાડી, રસકસમાં ભરપૂર;
એ ભૂમિએ પાળ્યા બહુ પ્રેમે, પ્રેમભિનાં અમ ઉર.
રસીક ને રઢીઆળી તુજ જાત—અમારી.

આત્મભોગ દઈને અજવાળો, સ્વદેશ સર્વ સમાજ;
વિરાંગના થઈ દેશ પ્રતિજ્ઞા, પુરી કરીએ આજ.
હરિ ! પુર અમ અભિલાષે હાથ—અમારી.

# આર્યાવર્ત્તની અબળાઓનું આધુનિક આરોગ્ય.

લેખક—મણીશંકર મૂળશંકર ત્રિવેદી—અમદાવાદ.

અન્ય દેશોની સરખામણીમાં આપણા આર્યાવર્ત્તનું આરોગ્ય દિનપ્રતિદિન ઘસાતું ચાલ્યું જાય છે. આધુનિક સમયના ભારતવાસીઓના મરણ પ્રમાણના આંકડાઓ અત્યંત ચોંકાવનારા થઈ પડયા છે. જે ભારતદેશના સંતાનો દીર્ઘાયુષ્યને માટે એક વખત પંકાતા તે આજે દુનિયામાં સૌથી અલ્પાયુષી નીવડયા છે. જ્યારે અન્ય દેશના આયુષ્યની સરાસરી ૪૫ થી ૫૫ વર્ષ સુધીની આવે છે, ત્યારે હિન્દના આયુષ્યની સરાસરી માત્ર ૨૩ વર્ષ સુધીની આવે છે. આથી હીણપદ બીજું હિન્દને માટે શું હોઈ શકે ? હિન્દમાંએ બાળમરણ તથા સ્ત્રી મરણ પ્રમાણે તો હદ વાળી છે. ભારતનાં ભવિષ્યનાં સંતાનો ( બાળકો ) અને તેમની જન્મદાત્રી સ્ત્રીઓના આરોગ્ય કેવી રીતે વધે તથા સુધરે તે વિષે પુરતી તપાસ કરી યોગ્ય દિશામાં કર્તવ્યપરાયણ થવાનું હાલની સમાજ જો ઉચિત નહિ ધારે તો હિન્દ પોતાનું સ્થાન દુનિયાનાં અસ્તિત્વમાં દીર્ઘકાળ સુધી ટકાવી રાખશે કે કેમ તે માટે પુરતી શંકા છે.

સ્ત્રીઓ એજ મનુષ્ય માત્રની જન્મદાત્રી છે. જો જન્મદાત્રીની રક્ષા યોગ્ય પ્રકારે કરવામાં ન આવે તો તેમાંથી વધારે અને ઉત્તમ ફળોની આશા કયાંથી રાખી શકાય ? આજે હિન્દની મહિલાઓ પ્રદર, શ્વેત પ્રદર, આર્તવ, પીડીતાર્ત્તવ, ગર્ભાશયના અનેક પ્રકારના રોગો અને ક્ષય જેવી જીવલેણ વ્યાધિઓમાં સપડાઇને અકાળે મોતને શરણ થાય છે. બીચારી અબળાઓ ખોટી શરમ અગર તો લજ્જાને કારણે પોતાનો રોગ જ્યાંસુધી ગંભીર સ્વરૂપ ધારણ ન કરે, ત્યાંસુધી છુપાવે છે અને જ્યારે ન ચાલે ત્યારે પોતાની સાહેલીઓને જણાવે છે. આ રોગની હાલત તેમના સહવાસમાં રહેનારા પુરૂષો પણ છેવટસુધી જાણી શકતા નથી, અને દરદ જ્યારે અસાધ્ય દશામાં આવે છે, ત્યારે જાણે છે જે તે વખતે નિરર્થકજ થાય છે. કેટલીક વખત સ્ત્રીઓ બીચારી શરમ છોડીને તે વાત જણાવે પણ છે; પરંતુ સેંકડે ૮૦ ટકા તો તે વાત તરફ પુરૂષો અગર તેના સંબંધીઓ દુર્લક્ષ જ રાખે છે.

આર્યાવર્ત્તના હાલના સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઘણું ઉતારી પાડવામાં આવ્યું છે. એક સ્ત્રી મરે કે બીજી સ્ત્રી પરણવાનો ચાલ અતિ સામાન્ય થઈ પડયો છે. આવી સ્થિતિમાં સ્ત્રીઓના દરદો જાણવા છતાં તે તરફ બેદરકાર રહેવાની ધૃષ્ટતા પુરૂષો કરે તેમાં નવાઈ નથી. આવા વાતાવરણને સુધારવાનું કર્ત્તવ્ય હાલની સમાજનું છે. હવે સમાજે પોતાનાં ચર્મચક્ષુ ખોલીને ન્યાય બુદ્ધિનો ઉપયોગ કરવાનું શીખવું જોઈએ. સ્ત્રીઓનું આરોગ્ય કેવી રીતે જળવાઈ

રહે તે તેમણે શોધી કાઢી તે દિશામાં કર્ત્તવ્યપરાયણ થવું જોઈએ. અને જો તેમ થાય તોજ ભારત કે જે હાલમાં શારીરિક સંપત્તિ ગુમાવી બેઠું છે, તે દુનિયાની સાથે શારીરિક સંપત્તિની હરીફાઈમાં ઉતરી શકે; કારણ કે ફક્ત તંદુરસ્ત અને બળવાન માતાઓજ દીર્ઘાયુષી પ્રજાને જન્મ આપી શકે છે.

નાનપણમાં બાળક તથા બાલીકાઓનાં રોગો એક સરખાંજ હોય છે અને એક સરખી સામાન્ય ચિકિત્સાથીજ તે સુધરી શકે છે, પરંતુ બાલીકા જ્યારે પોતાનો બાલીકા ભાવ તજીને યુવાનીમાં પ્રવેશ કરે છે, એટલે કે માસિક ધર્મમાં આવે છે, ત્યારેજ તેના દરદોમાં વિકૃતિ તથા વધારો થવા પામે છે. અને તે દરદો જુદા જુદા ઔષધોપચારથીજ મટી શકે છે. ખરૂં જોતાં તો શુદ્ધ અને નિયમિત ઋતુ એજ સ્ત્રીઓની તંદુરસ્તી જાળવવાની એક મુખ્ય ચાવી છે. જો સ્ત્રીઓને ઋતુ રૂપી બક્ષીસ કુદરતે ન આપી હોત તો સ્ત્રીઓનાં દરદોની સંખ્યા એટલી બધી વધી પડત કે તેની કલ્પના પણ આપણને આવી ન શકત. ઋતુ જેમ તેઓનાં આરોગ્ય સાચવે છે, તેજ પ્રમાણે ઋતુ સંબંધી નિયમોનું અજ્ઞાનપણું એજ હાલના દરદોનું મુખ્ય સ્થાન થઈ પડયું છે. હાલની સ્ત્રીઓ ઋતુ દરમિયાન પાળવાના નિયમો સમજતી નથી અને અનેક પ્રકારનાં કુપથ્યો કરે છે. જેથી તેઓનું ઋતુ અનિયમિત અને અસ્વચ્છ બને છે અને પરિણામે પ્રદર, શ્વેતપ્રદર ઈત્યાદિ રોગોને જન્મ પામવાની તક મળે છે. માસિક ધર્મ દરમિયાન કેવા પ્રકારનો આહાર વિહાર રાખવો તથા કયા કયા નિયમોનું પરિપાલન કરવું, તેથી હાલની હિન્દની રમણી બહુધા અજ્ઞાન રહે છે અને પરિણામે તેઓનું આર્ત્તવ બગડે છે અને તેઓ રોગનાં ભોગી બની અકાળે મોતને શરણ થાય છે; એટલુંજ નહિ; પરંતુ અલ્પાયુષ્ય અને રોગયુક્ત શારીરિક સંપત્તિનો વારસો પોતાનાં સંતાનોને આપતી જાય છે.

જો સ્ત્રીઓ માસિકધર્મમાં પાળવાના નિયમોનું બરાબર પાલન કરતી હોય તો તેઓની તંદુરસ્તી સારી રહે. એટલુંજ નહિ પરંતુ શુદ્ધ અને નિયમિત ઋતુ રૂપી ઇશ્વરી બક્ષીસથી તેઓનું સ્વાસ્થ્ય પુરૂષો કરતાં પણ ઘણું ચઢીઆતું રહે. શુદ્ધ અને નિયમિત આર્તવ પરજ સ્ત્રીઓની તંદુરસ્તી–આયુષ્ય નિર્ભર છે. સ્ત્રીઓએ જાણવું જોઇએ કે માસિક ધર્મના નિયમો પાળવાથીજ તેઓના શરીરની અંદરના કેટલાએક વિકારો દૂર થાય છે. તેઓએ જાણવું જોઈએ કે માસિક ધર્મમાં પાળવાના નિયમોના પરિપાલનથીજ તેઓનાં ગર્ભાશયો સારાં રહી ઉત્તમ અને દીર્ઘજીવી સંતાનો પેદા થઈ શકે છે. તેઓએ જાણવું જોઈએ કે ઋતુ દરમિઆન વિરૂદ્ધ આચરણ કરવાથી તેઓ પોતાનો અકાળે નાશ કરે છે. એટલુંજ નહિ પણ પોતાના સંતાનોને અને પરિણામે સમાજને પણ રોગ અને અલ્પાયુષ્યનો વારસો આપી જાય છે.

આ ઉપરથી એટલું તો સિદ્ધ થઈ શકે છે કે જો હિન્દની ઉન્નતિ આવશ્યક હોય તો સમાજે સ્ત્રીઓનું આરોગ્ય સુધારવા પોતાથી બનતો પ્રયત્ન કરવો જોઈએ. સ્ત્રીઓને ઋતુમાં પાળવાના નિયમો સમજાવવા જોઈએ, સ્ત્રીઓમાંથીજ સ્ત્રીઓનાં દરદો ઓળખી શકે તેવી સ્ત્રીચિકિત્સકો તૈયાર કરવી જોઇએ, સ્ત્રીઓને ખોટી લજ્જા રાખવાથી થતી હાનિ સમજાવવી જોઇએ અને સમાજમાં સ્ત્રીઓની મહત્તા વધે તેવાં સર્વ ઇષ્ટ પગલાં લેવાં જોઈએ. સ્ત્રીઓનું આરોગ્ય બગડવાનાં આ ઉપરાંત બીજાં પણ કેટલાંએક કારણો છે અને તે વિષે હવે પછી બીજી વખત ચર્ચા કરીશ. હાલ તો આટલેથીજ વીરમું છું.

# બ્હેનોને સંદેશો.

### શહેરનો સુબો કયારે આવશે રે—રાગ.

હીન્દ માતાને દીપાવજો રે, (૨) પાળી પતીવ્રત ખંતે હો બેની.
સ્ત્રીધર્મ સ્નેહે શોભાવજો રે, (૨) જાણી આચાર ને વીચાર હો બેની.
સ્વદેશી વસ્તુઓ લાવજો રે, (૨) તજી વિદેશી હરામ હો બેની.
પતી પ્રભુ સમ જાણજો રે, (૨) માની લેજો વેદ વાકય હો બેની.
સાડી ખાદી શુદ્ધ લાવજો રે, (૨) પહેરો ચોળી શુદ્ધ સાથ હો બેની.
બંગડી બેનો નહીં પ્હેરજો રે, (૨) બોવો સ્ત્રીધર્મ શું હાથે હો બેની.
પતી હાથમાં હાથ આપીયો રે (૨) તે ના દીયો પરહાથમાં હો બેની.
વેશ્યાવૃત્તિ પાપ તજજો રે (૨) વિદેશી વૈભવ ત્યાગી હો બેની.
દેશ સેવા મન ભાવજો રે, (૨) અરપી તન-મન-ધન હો બેની.
શીયળ વ્રત તમારૂં સાચવો રે (૨) આજ્ઞા પતિની પાળો હો બેની.
માતા વહુ બેન દીકરી રે (૨) પહેરો સ્વદેશી વસ્ત્ર હો બેની.
હાંકી કાઢો ઘર બારણે રે (૨) વિદેશી વસ્તુ સર્વે હો બેની.
અખંડ એવાતન પાળજો રે (૨) સ્વદેશીનું વ્રત લઈ સૌ બેની.
છતે ધણીએ શું કપાવવો રે (૨) સૌભાગ્ય ચુડો અખંડ હો બેની.
સાચી શોભા શુભ ગુણમાં રે (૨) દીપાવો જન અવતાર હો બેની.
જુગે જુગ નામ રાખવા રે (૨) દેશસેવા રાખો હામ હો બેની.
મહાત્મા ગાંધી વીર આપણા રે (૨) હીમત બોલ અમોલ હો બેની.

હીમતરામ કૃષ્ણજી જોશી.

# સનત્ કુમાર.

લેખક—અમ્બેલાલ સવરામભાઇ દેશાઇ.

ઉન્હાળો અને મધ્યાન્હનો સમય ! પછી તાપનું પૂછવું જ શું ? શહેરમાં આવ-જા બહુ થોડી છે. બજારમાં કોઇ રડયો ખડયો માણસ જ નજરે પડે છે. પક્ષીઓ અતિ તાપથી ત્રાસ પામી પોતાના માળામાં જઇને ભરાઇ બેઠાં છે. જમીન તપતી હોવાથી તેમાંથી ઉષ્ણ વરાળ બહાર નીકળતી હતી. કોઇ કોઇ વાર અનિલની લ્હેરીઓ આવતી હતી; પણ તે તાપના પ્રમાણમાં ઠંડક કરવાને પૂરતી નહોતી. આ સમયે રાવબહાદૂર પ્રમોદરાય ભોજન લઈ પોતાની આવક જાવકનો હિસાબ તપાસતા બેઠા હતા. તેમની બેઠક બારણાંની સામે હતી. બારણાં નજીક એક બાંક પડેલો હતો. આ સમયે એક યુવકે રાવબહાદૂરના દિવાનખાનામાં પ્રવેશ કર્યો અને દ્વાર નજીકના બાંક ઉપર બેઠો. તેના પગરવથી પ્રમોદરાયે ઉંચું જોયું અને કાંઇક આશ્ચર્ય પામતાં તેને પૂછ્યું "કેમ સનત્કુમાર ! તમને મારો છેલ્લો પત્ર મળ્યો ? નિરૂપમાની તબીયત તો ઠીક છે. આ સમયે અચાનક કયાંથી આવી ચઢ્યા ?"

સનતકુમારઃ—"હાજી; તમારો પત્ર મને મળ્યો, પરન્તુ હું નિરૂપમાની તબીયત તપાસવા માટે નથી આવ્યો."

પ્રમોદરાયઃ—"ત્યારે શા માટે આવ્યા છો ?"

સનત્કુમારઃ—"હું મારી નોકરીને સદાને માટે છોડી તેને પ્રણામ કરીને આવ્યો છું."

પ્રમોદરાયઃ—"શું રાજીનામું આપ્યું ? ભારતવર્ષનાં રાજસિંહાસન સમાન તમારી નોકરી હતી, તેનો ત્યાગ કર્યો ? શું તમે ગાંડા તો નથી થયા ! તમે તો મારી બધી મહેનત ધૂળમાં મેળવી દીધી."

સનત્કુમારઃ—"તમે વર્તમાન પત્રો તો વાંચો છો. હિન્દનાં આપણે સંતાન હોવા છતાં સ્વદેશ તરફની તીવ્ર લાગણીને આપણે દબાવી રાખવી પડે છે એ પણ તમે જાણો છો."

પ્રમોદરાયઃ—"ઠીક, જાણ્યું હવે ! અસહકારની ચળવળમાં તમે પણ સપડાયા હો એમ જણાય છે. લોકો તો ગાંડા થયા છે. તમે પણ પતંગીયાની માફક નોકરીનું રાજીનામું આપી દીપકપર ઝંપલાવ્યું ને ! તમારો પગાર હમણાંજ વધીને અઢીસોથી ત્રણસોનો થયો છે. વળી તમારી નોકરી કેવી સુખ સાહ્યબીની હતી ? તમે મને પૂછ્યા વિના શામાટે આવું અવિચારી પગલું ભર્યું ?"

સનતઃ—"નોકરીમાં કેટલીકવાર પાપકર્મો કરવાં પડે છે. નિર્દોષ હોય તેને પણ કેટલીક વખત દોષિત ઠરાવવાં પડે છે. એવાં પાપી અન્નથી પેટ ભરવું, તેના કરતાં ભૂખે મરી જવું એ હું વધારે સારૂં ગણું છું."

પ્રમોદરાયઃ—" અરે બેવકુફ ! તને એટલું પણ ન સમજાયું કે આ નોકરી કેટલી મહેનત, ખુશામત તથા પૈસાના કાંકરા કર્યા ત્યાર પછી મળી છે ! "

સનતઃ—" તિરસ્કાર કરતાં પહેલાં મારી વાત તો સાંભળો ! "

પ્રમોદરાયઃ—" તારાં આવાં આચરણોથી તો તારા બાપે તારો ત્યાગ કર્યો છે, અને તારૂં મ્હોં પણ તે જોતો નથી. આજથી હું પણ તારો ત્યાગ કરૂં છું. જા, કાળું કર ! ફરીથી મને તારૂં મ્હોં બતાવીશ નહીં. "

સનતઃ—" મારા પિતાએ મારો ત્યાગ કર્યો છે તે તો તમારી કૃપાનુંજ ફળ છે ને ! "

પ્રમોદરાયઃ—" હરામખોર ! મારી કૃપાનું ફળ છે ! જા ! અત્યારે ને અત્યારે અહીંથી ચાલ્યો જા ! " એમ કહેતાં કહેતાં ગુસ્સામાં પોતાની સપાટ તેને છૂટી મારી; પરંતુ સનતે તેને નહીં ગણકારતાં કહ્યું:—" હું જે કહેવા માગું છું તે પૂરેપૂરૂં કહ્યા સિવાય જનાર નથી. બધી વાત કરી હું રાત્રે જઇશ. "

પ્રમોદરાયઃ—" નહીં, અત્યારેજ જા ! માનમાં જશે તો ઠીક છે, નહીં તો ભૈયા પાસે ધક્કા મરાવી બહાર કાઢીશ. "

સનતઃ—" ઠીક; ત્યારે હું જાઉં છું. "

* * * * *

સનતકુમાર વૃદ્ધ પ્રમોદરાયનો જમાઇ થાય છે. પ્રમોદરાય પોલિસ ઇન્સ્પેક્ટર હતા અને થોડો સમય તેમણે ડીસ્ટ્રીક્ટ સુપરિન્ટેન્ડન્ટનાં પદને પણ શોભાવ્યું હતું. મ્હોંની મીઠાશ અને ખુશામતીયા સ્વભાવથી ઉંચે ચઢ્યા હતા. સરકારની નોકરીમાંજ તેમના જીવનનું સાર્થક સમાયલું હતું. જગતવ્યાપી મહાન યુદ્ધ વખતે તેમણે સરકારને પોતાનાજ દેશબન્ધુઓ મેળવી આપી સારી મદદ કરેલી હોવાથી તેમને રાવબહાદૂરનો ઇલ્કાબ મળેલો હતો. પોતે વૃદ્ધ થવાથી હાલમાં થોડો સમય થયાંજ નિવૃત્તિ ભોગવવા પેન્શન લીધું હતું. તેથી હવે તેમનું કામ માત્ર સરકારની વફાદારી જેવા તથા મદદ કરવાના ઠરાવો પસાર કરનારી સભાઓમાં હાજરી આપવાનું, અને મોટા મોટા અમલદારોને ત્યાં ભેટ સોગાદો મોકલવાનુંજ હતું. અને તેવા કામમાં રાવબહાદુર પ્રમોદરાય જરાપણ પાછળ હઠે તેવા નહોતા. તેમને નિરૂપમા નામે પુત્રી અને રમણલાલ નામનો એક પુત્ર હતો. કોલેજમાં સનત્ અને રમણ વચ્ચે મિત્રતા બંધાઇ હતી. બન્ને ભણવામાં બહુ ચપળ હતા. બી. એ. માં સનત્ પહેલે નંબરે અને રમણ બીજે નંબરે પાસ થયો હતો, એક દિવસ રમણના આગ્રહથી સનત્ તેને ઘેર ગયો, અને એવી રીતે ધીમે ધીમે પરિચય વધવા લાગ્યો. ઉભય એકજ જ્ઞાતિના હતા. પરન્તુ સનતનું કુળ ઉંચું હતું. નિરૂપમા અને સનત્ બન્ને યોગ્ય વયનાં હતાં અને જો તેમનાં લગ્ન થાય તો સુવર્ણમાં સુગન્ધ મળ્યા જેવું થાય એમ બધાને લાગ્યું. પ્રમોદરાયે લગ્નનું સૂચન કર્યું. સનત્ ઉચ્ચાં નીચાં કુળ વિશે કાંઇ પણ જાણતો નહોતો. રાવબહાદૂરે યુકિત વાપરી સનત્‌ને કહ્યું " તમારા પિતાની લગ્ન માટે મેં સમ્મતિ લીધી છે અને તેમણે આપી છે. " તેથી સરળ મનનો સનત્ કાંઇ પણ સમજી શકયો નહીં અને તેણે લગ્નની વાત કબુલ રાખી. લગ્ન થઇ ગયાં. લગ્ન સમયે પોતાના પિતા–માતા કેમ ન આવ્યાં તેનું કારણ સનત્ જાણી શકયો નહીં. પરન્તુ લગ્ન પછી જ્યારે તે પોતાનાં માતા પિતાને પ્રણામ કરવા પોતાને ગામ ગયો, ત્યારેજ તેનાં માતા પિતાએ સનત્‌નાં લગ્નની વાત જાણી અને પોતાનાથી નીચા

કુળમાં લગ્ન કરવા માટે બધો વાંક પોતાના પુત્રનોજ જાણવામાં આવ્યો; અને તેનું કાંઇપણ સાંભળ્યા વિના તેનો સદાને માટે ત્યાગ કર્યો. થોડા વખતમાં સનત્‌ને સસરાની ભલામણથી સરકારી નોકરી મળી. પણ પંજાબના નિર્દોષ લોકો ઉપર સરકારે ગોળી છોડી એ બનાવે તેનાં હૃદયને કમકમાવ્યું. ગુજરાતના બનાવે તેના કોમળ હૈયામાં ઘા કર્યો. નોકરીને લીધે તેને ઘણીવાર અંતઃકરણ વિરૂદ્ધ કામ કરવું પડતું. નોકરીને લીધે પોતાની સગર્ભા પત્નીને પીયર મૂકવા જાતે જઇ શક્યો નહીં, તેમજ સુવાવડમાં રોગગ્રસ્ત પત્નીને નોકરીને લીધે જોવા જઇ શક્યો નહીં. એવાં કેટલાંક કારણોથી તેને સરકારની નોકરી ઉપર તિરસ્કાર ઉત્પન્ન થયો, અને જગતભૂષણ મહાત્મા ગાંધીજીએ અસહકારની શરૂ કરેલી હીલચાલને માન્ય રાખી. પરાધીનતાનાં હેમકંકણનો ત્યાગ કરી નોકરીનું રાજીનામું આપી તે સાસરે આવ્યો. જ્યારે તે આવ્યો ત્યારે તેના મનમાં શોશી અભિલાષાઓ હતી ? તેણે ધાર્યું હતું કે પ્રિયાની સમીપમાં રહેવાથી અને પોતે શરૂ કરેલાં નવજીવનથી સર્વ દુઃખો ભૂલાશે. પોતાની સ્વદેશભક્તિ જોઇ સસરાજી પ્રસન્ન થશે. પરંતુ મનુષ્ય ધારે છે કંઇ અને પ્રભુ કરે છે કંઇ એ સત્યજ ઠર્યું: નહીં તો રામચંદ્રજી જેવાને સવારે યુવરાજ પદને બદલે વનવાસ મળે !

સનત્‌ને પણ તેજ પ્રમાણે થયું. સસરાજીએ પૂરેપૂરી જાત બતાવી. સનત્ વ્યથીત મને સસરાના ઘર તરફ જોતો જોતો બહાર નીકળ્યો.

* * * * *

નિરૂપમાની તબીયત સુધરી હતી એ વાત ખરી છે; પણ હજુ તેનામાં જોઇએ તેવી શક્તિ આવી નહોતી. પ્રથમ જ્યારે સનત્ આવતો ત્યારે તે દોડી જતી, તેમ હમણાં તે દોડતીનથી, જો કે તેનું મન હમ્મેશ સનત્‌ની સેવામાંજ પરોવાયલું રહેતું. તે સારી રીતે જાણતી હતી કે દર પહેલી તારીખે સનત્‌ને ત્રણસો રૂપિઆ મળતા હતા, પરંતુ બીજી તારીખે સો રૂપિઆ પિતાને ત્યાં, સો રૂપિઆ સાસરે અને કેટલાક ગરીબોને મદદ કરવામાં ખરચાતા, અને તેથી બહુ કરકસરથી ગૃહસંસાર ચલાવવો પડતો. સનત્કુમાર આવ્યો જાણી નિરૂપમાને આનંદ થયો; પરંતુ દાસીએ આવી ખબર આપી કે “ સનત્કુમાર શેઠ સાથે તકરાર કરી ઘર બહાર ચાલ્યા ગયા છે. ” ત્યારે તેનાં હૃદયની વિચિત્ર સ્થિતિ થઇ. તેણે નોકરને સ્ટેશન ઉપર મોકલ્યો. અને શહેરમાં માણસો મોકલી તપાસ કરાવી; પણ કાંઇ પણ પત્તો લાગ્યો નહીં. થોડીવાર પછી સ્ટેશન ઉપર ગયેલો નોકર પાછો આવ્યો. તેણે કહ્યું “ મેં સનત્કુમારને ગાડીમાં બેઠેલા જોયા. હું ગયો ત્યારે ગાડી ઉપડવાની તૈયારીમાં હતી. મેં તેમને પાછા આવવા બહુ કહ્યું, પણ તેમણે માન્યું નહીં. અને મને કહ્યું કે “ હું હવે સ્વદેશ સેવક બન્યો છું. હવે મને એક ઘડીની પણ ફુરસદ નથી. આજ સુધીનું મારૂં જીવન મેં પશુ માફક ગાળ્યું છે. હવે મારે કુટુંબ, પિતા, પત્ની, કે સસરાનું સગપણ નથી, પણ અખિલ ભારત વર્ષ એજ મારૂં કુટુંબ છે. તમને આપવા માટે મને એક પત્ર આપ્યો છે તે લ્યો. ” પત્ર વાંચતાંજ નિરૂપમા હાય કરીને ભોંયપર ઢળી પડી ! પત્રમાં નોકરી છોડવાનું કારણ સ્પષ્ટ રીતે લખ્યું હતું અને કેટલાક અનિવાર્ય સંજોગોને લીધે તે પ્રથમથી કોઇને ખબર આપી શક્યો નહોતો.

નિરૂપમાના દુઃખનું વર્ણન થઇ શકે તેમ નથી. ધીમે ધીમે તે ચિન્તાના સાગરમાં ડુબતી ગઇ. સનત્ સરલ હૃદયનો હતો, પરંતુ જ્યારે તે દૃઢ નિશ્ચય કરતો, ત્યારે કદીપણ તેમાંથી ડગતો નહીં. એ વાત નિરૂપમા સારી રીતે જાણતી હતી. નિરૂપમાની સખી સરલા તેનાં દિલનું સાંત્વન

કરવા પ્રયત્ન કરતી હતી; કિન્તુ સર્વ વ્યર્થ ! તેની વ્યથા દિન-પ્રતિદિન વધતી જતી હતી. તેના ચિત્તમાં લેશ પણ શાન્તિને સ્થાન નહીં હોવાથી શરીરનો રોગ પણ વધતો જતો હતો. શોકાનળ વધુને વધુ પ્રજ્વલિત થતો હતો.

સરલાના પત્રથી રમણે સર્વ હકીકત જાણી. તેણે સનતની શોધ માટે પુષ્કળ પ્રયત્નો કર્યા અને નિરૂપમાને શાંતિદાયક પત્ર લખ્યો, પણ તેથી નિરૂપમા શાંતિ મેળવી શકી નહીં.

* * * * *

સરલાનો પતિ કળાચન્દ્ર એક સુશીલ યુવક હતો. ખપ પૂરતી કેળવણી લઇ તેણે ટાટાનાં કારખાનામાં નોકરી લીધી. ધીમે ધીમે તે સારી પદ્વીએ ચઢયો. વિશ્વવ્યાપી મહાન યુદ્ધના સમયમાં સરકારે ખેતીને ઉત્તેજન આપવા કેટલીક જમીન વગર કરે આપવાનું જાહેર કર્યું. કળાચંદ્રે થોડીક જમીન રાખીને મજૂરો વડે ખેતીનું કામ શરૂ કર્યું અને તેમાં ક્રમશઃ સફળતા મળવા લાગી. દૈવ અનુકૂળ હોવાથી તેણે સારા પૈસા મેળવ્યા. પાશ્ચાત્ય પદ્ધતિનું કેટલુંક અનુકરણ કરવાથી ઉત્તમ પ્રકારનાં ફળવાળાં ઝાડ તેણે ઉગાડયાં. અને પોતાના કૃષિના ધંધામાં ફતેહમંદ થવાથી ત્યાં આગળ રહેવાને એક સુંદર મકાન બંધાવ્યું. અને પોતાની પત્ની સરલાને તેડવા માટે આવ્યો. સરલા કદી સાસરે ગઇ નહોતી. સ્વામીને ઘેર જઇ તેની ચરણસેવા કરવાની તેની પ્રબળ ઇચ્છા હતી. લાંબી મુદતે આજે સરલાનાં સૌભાગ્યનો ઉદય થયો. કળાચંદ્ર જાણતો હતો કે સરલાને મારી સાથે આવવાનું કહેતાં તેને અનહદ આનંદ થશે; પરંતુ તે પ્રસન્ન થઇ નહીં. નિરૂપમાના સ્નેહને લીધે તેણે ત્યાં જવાની ના પાડી. કળાચન્દ્રે તેને સમજાવી ત્યારે જ તે તૈયાર થઇ. સરલાનું આ કાર્ય તેમાં ચિરવાંચ્છિત સૌભાગ્યના ઉદયને અટકાવનારૂં હતું અને તેથીજ સરલાનું આ કાર્ય ઘણુલોકોને ગમશે નહીં. સમસ્ત વિશ્વ એક તરફ હોય અને સ્વામી બીજી તરફ હોય તો સ્ત્રીની ફરજ છે કે તેણે પતિની આજ્ઞાનું પાલન કરવું. તો એક સમયી સખીની ખાતર તે પોતાનાં ભાગ્યને ઠોકર મારે તેને કોણ સારૂં ગણે ? પણ જ્યારે કળાચન્દ્રે સનતકુમારના ગૃહત્યાગનું કારણ જાણ્યું, ત્યારે દેશપ્રેમથી આકર્ષાઇ તેણે નિરૂપમાની સેવા કરવાની, તેને દેવી તરીકે પૂજવાની પોતાની પત્નીને આજ્ઞા કરી.

* * * * *

ગમે તેમ હોય, પણ રાવબહાદૂર તદ્દન નિષ્ઠુર હતા એમ તો અમે કહી શકીએ તેમ નથી જ. કારણ કે તે પણ એક મનુષ્ય જ હતા. ભલે તે નિષ્ઠુર શ્વસુર હોય, ભલે તે દયાહીન નાગરિક હોય, અને હિતાહિત ન સમજનાર રાજસેવક હોય, તો પણ તેમનું હૃદય બાળકો પ્રત્યેના સ્નેહથી વંચિત નહોતું. નિરૂપમાની તબીયત માટે તેમણે પાણીની માફક પૈસા ખરચ્યા હતા. હમ્મેશ તેને દિલાસો આપતા, પણ તેમાં પોતાનાં વર્તન માટે કદી પણ શોક દર્શાવતા નહીં. તે તો હમ્મેશ એમજ કહેતા કે "સનતકુમારે નોકરી છોડવામાં મોટી ભૂલ કરી છે અને પોતે તેને ઉત્તેજન નહીં આપવામાં મોટું ડહાપણ વાપર્યું છે." સમય પસાર થવા લાગ્યો. સર્વની શોધનું કાંઇ પણ સંતોષકારક પરિણામ આવ્યું નહીં. હતાશા નિરૂપમાનો રોગ દરરોજ વૃદ્ધિ પામતો હતો, તેનાં શરીરમાં માત્ર હાડકાં અને ચામડાં સિવાય અન્ય કશુંયે રહ્યું નહોતું. સરલાને લાગ્યું કે સ્થળ બદલવાથી અને હવાફેર કરવાથી નિરૂપમાની તબીયત સુધરશે. તેથી તેણે તે વાત પ્રમોદરાયને કહી. પ્રમોદરાયે પણ પોતાની પુત્રીનું મૃત્યુ આંખ આગળ ન થાય તે માટે દૂર જાય તો ઠીક એમ સમજી રમણને સાથે જવાનું નક્કી કર્યું અને સરલા પણ નિરૂપમાની સાથેજ ગઇ.

આ સમયે જગતભૂષણ મહાત્મા ગાંધીજીની અસહકારની ચળવળ ચાલુ થઈ ચુકી હતી. સ્વદેશીનાં આંદોલનો દેશમાં ચારે બાજુ ચાલી રહ્યાં હતાં, તેમાં કેટલાક મતભેદ હતા. એક દેશભકત સંન્યાસી આ વખતે લોકોની દૃષ્ટિએ વધારે ને વધારે પડતો હતો. તેમણે સ્વદેશીની ચળવળને વ્યવહાર સ્વરૂપમાં મુકવાનો ઠરાવ કરી કામ શરૂ કર્યું. પોતાનાં વિશાળ જ્ઞાન અને કાર્ય-કુશળતાથી કામ આગળ ચલાવવા માંડયું, રેંટીયાની યોજના ધીમે ધીમે પુષ્કળ વધારી. પાશ્ચાત્ય દેશના માલની હરિફાઈમાં ટકવાને, આખા દેશની માગણીને પહોંચી વળવાને અવિશ્રાંત પરિશ્રમ કરી તે યોજના મુજબ કામ તેણે દરેક ઠેકાણે શરૂ કરાવ્યું. તેમજ અસહકારની ચળવળને પુર જોસમાં આગળ વધારવાને તન તોડ મહેનત કરી રહ્યો હતો. કળાચન્દ્રને એ મહાત્મા સાથે પરિચય થયો. તે પણ તેમની સાથે સેવામાં જોડાયો. દેશની ખેતી સંબંધી ઉપયોગી સૂચનાઓ તેણે બહાર પાડી. **હાલમાં રાષ્ટ્રીય શાળાઓમાં મળતી કેળવણી ઉપરાંત ખેતી અને હુન્નર ઉદ્યોગનું જ્ઞાન આપવાની જરૂર છે.** એવી તેની સૂચનાઓ સર્વોપયોગી નીવડી. ગરીબથી તે શ્રીમંત સુધી સર્વમાં સ્વદેશની ભાવના જાગ્રત થઇ ચૂકી હતી. આખા દેશમાં સ્વદેશી વસ્તુઓનો પ્રચાર કરવા ઠેર ઠેર શાળાઓ ખોલવામાં આવી હતી.

આ નવીન સંન્યાસીનું પૂર્વ જીવન કોઇ પણ જાણતું નહોતું. કળાચન્દ્રે પુષ્કળ પ્રયાસ કર્યો પણ તે જાણી શકયો નહીં.

* * * * *

એક વૃદ્ધ મનુષ્ય એક સાધારણ મકાનમાં માંદગીને બિછાને સૂતો છે. નિરૂપમા દાડમના દાણા કાઢી આગ્રહ પૂર્વક તેને ખવરાવી રહી છે. ત્યાં પાસેજ બેઠેલી એક વૃદ્ધ સ્ત્રીએ કહ્યું. "દેવી! તમારી કૃપાથીજ મારૂં અને મારા પતિનું સંરક્ષણ થયું છે. સ્ટેશન ઉપર યાત્રાળુઓની ભીડમાં કોઇ બદમાશ મારા હાથમાંથી રૂપિઆની થેલી—અમ ગરીબનું સર્વસ્વ ખુંચવીને લઇ ગયો. અમારી પાસે કાંઇ પણ રહ્યું નહી એ જાણીને અમારા સોબતીઓ અમને છોડીને ચાલ્યા ગયા." આ વાતચીત ચાલતી હતી તેવામાં સરલા આવી. વૃદ્ધાએ પોતાનું કહેવું આગળ ચલાવ્યું. "અમે જેને અમારાં માનતા હતા તે તો આ જાણીને જવાની વધારે ઉતાવળ કરવા લાગ્યાં. આ વખતે અમારૂં શું થશે ? મારા વૃદ્ધ પતિની શી દશા થશે વિગેરે મુંઝવણો મને મુંઝવી રહી હતી. ભલું થજો બ્હેન તમારૂં કે—મારૂં અને મારા પતિનું તમે સંરક્ષણ કર્યું. અમે દેવીનો ઉપકાર શી રીતે વાળીશું ? ખરેખર તમે માનવી નહીં પણ દેવી છો. અમારે ઘેર અમારૂં કોઇ સ્વજન જેવી સેવા ચાકરી ન કરી શકે તેવી તમે કરી છે ! દિવસમાં બે વાર ડૉકટર આવે તેની દવાના અને ફીના પૈસા અમે ક્યાંથી આપત ?"

વૃધ્ધે બન્ને દેવીઓથી પરિચિત થવાની જીજ્ઞાસા દેખાડવાથી સરલાએ કહ્યું "તમે જેને દેવી કહો છો તેનું નામ નિરૂપમા છે. એમના ભાઇ અહીં ડેપ્યુટી કલેકટર છે અને તેમનું નામ રમણલાલ છે. નિરૂપમાની તબીયત સારી ન રહેતી હોવાથી અહીં હવાફેર કરવા આવેલા છે. રમણલાલ આજે અત્રે કુટુંબસહ આવવાના છે. નિરૂપમાના પિતાનું નામ રાવ બહાદુર પ્રમોદરાય છે અને નિરૂપમાનું લગ્ન એક કુલવાન યુવક સાથે થયેલું છે. ભોળા હૃદયના યુવકને રાવબહાદુરે છળ—પ્રપંચથી લગ્નની ગ્રન્થિમાં ગુંથી દીધો. તેના પિતાએ જ્યારે આ વાત જાણી ત્યારે તેને કુળ-કલંક ગણી તેનો પરિત્યાગ કર્યો."

"તેનું નામ સનત્કુમાર છે ?" વૃદ્ધ દંપતીએ એક સાથે પૂછ્યું.

સરલા અને નિરૂપમા આથી આશ્ચર્ય પામ્યાં. સરલાએ પૂછ્યું "તમે શાથી જાણ્યું ? તમે તેનાં સંબંધી થાઓ છો ?"

વૃદ્ધની આંખમાં આંસુઓ ભરાઇ આવ્યાં. આંસુઓ લૂંછતાં તેણે કહ્યું "સનત મારો એકનો એક પુત્ર છે, અને આ દેવી મારી કુળવધુ ગૃહલક્ષ્મી છે. અરેરે ! અમે આ દેવી સમાન પુત્રવધુનો કુળાભિમાનમાં ડુબી જઇ ઘોર અપરાધ કર્યો, તેનું અમને આ ફળ મળ્યું. અમારા એકના એક પુત્રને ગુમાવી બેઠાં ! અમે અમારે હાથેજ અમારા પગમાં કૂહાડો માર્યો છે ! અમે તેનો ત્યાગ કર્યો તો પણ દરમાસે તે અમારા ઉપર સો રૂપિઆ મોકલતો હતો. અત્યારે હવે તે ક્યાં હશે ?"

"સ્નેહનાં ઝરણું આગળ આડી પાળ બાંધી,
નથી સુખી થતાં માત પિતા,
કે નથી સુખી કરતાં સંતાનોને."

એ કવિ ન્હાનાલાલનું કથન સત્ય નીવડયું.

એ પ્રમાણે અહીં પૂર્વકથાનો સ્ફોટ થવાથી સર્વે રૂદન કરવા લાગ્યાં. એટલામાં ત્યાં રમણુ-લાલ સહકુટુંબ આવી પહોંચ્યો અને તેણે પરિચય થતાં બધાંને શાન્ત કર્યાં. નિરૂપમા અને સરલાની સજ્જનતા તથા તેમનું વર્તન જોઇ વૃદ્ધની ખાત્રી થઈ કે **કુળ ગમે તેવું ઉંચું હોય અને સંસ્કાર સારા ન હોય તો તે કાંઇપણ કામમાં આવતું નથી; અને જો કુળ ઉંચું ન હોય અને તેમાં જો સજ્જનતા અને સદ્‌વ્યવહાર હોય તો તે ઉચ્ચ કુળ કરતાં વધારે માનને પાત્ર છે. કુળવાન સગાં શોધવાં તેના કરતાં ગુણવાન એ વધુ હિતકારક છે.** નિરૂપમાના સસરા માધવલાલ હવે ધીરે ધીરે સારા થતા હતા. પરંતુ નિરૂપમા સારી થતી નહોતી. માધવલાલને હજુ પણ દર માસે સો રૂપીઆ મળ્યે જતા હતા. એ ઉપરથી રમણલાલ સમજ્યો કે એ રૂપિયા સનત્ કુમાર મોકલે છે. એ ઉપરથી તેને માલુમ પડયું કે સનત્ કુમાર જ્યાં હશે ત્યાં સારી સ્થિતિમાં હશે. દુ:ખ માત્ર સ્નેહીઓના વિયોગનું જ છે.

* * * * * *

સ્ત્રી જાતિનો સ્વભાવ જ એવો છે કે પોતાની પીડા છૂપાવી તે કામ કર્યા કરે છે. પ્રસંગે તે પોતાનાં પણ શરીરની ચિંતા રાખતી નથી. તેમાં જે સ્ત્રીઓ મૃત્યુ એજ શાન્તિ મેળવવાનું સાધન સમજે છે, તે તો પોતાની સર્વ પીડાઓ છૂપાવી મૃત્યુ આવતાં સુધી તે સહન કરે છે. નિરૂપમાને હવે જીવનની લાલસા રહી નથી. સનત્ કુમાર જીવે છે એ વાત જાણી તેના હૃદયમાં આશાની એક ક્ષીણ જ્યોતિ પ્રકાશી રહી છે. મોટાભાઈની ચિંતામાં વધારો થશે, એ ભયે પોતાનો રોગ વધ્યાની વાત તેણે કરી નહીં. ભારતવર્ષની ભાગ્યહીન લલનાઓ ! ગૃહજીવનના આનંદમાં ક્ષણિક શોક પ્રસરે તે અટકાવવાને પોતાની વેદના છૂપાવી આ સુવર્ણમય સંસારને તમે કથીરમય બનાવી દ્યો છો. દેશની આશા, માતા પિતાના ભરોંસા, સહાયદાતા સગાં, કર્તવ્યપરાયણ પતિ તમારા વિયોગવિરહથી, દગ્ધ હૃદયથી સંસારમાં સમાજસેવાથી વૈરાગી થાય છે. કેટલાં અનાથ બાળકો નબાપા થતાં અસહ્ય કષ્ટોનો ભોગ થઇ પડી અકાળે વિકાળ કાળના જડબામાં જઇ પડે છે. કેટલાયે વૃદ્ધ માતાપિતા પોતાની છેલ્લી ઘડીએ કારી જખમ લાગવાથી મૃત્યુને આમંત્રણ કરે

છે. ત્યારે કેટલીક એવી પણ સ્ત્રીયો છે કે પતિ પાસેથી સન્માન મેળવવા ડૉક્ટર અને વૈદ્યની દવા હમ્મેશ ચાલુજ રાખે છે. કેટલીક તો માત્ર નામનીજ પીડાનું કારણ બતાવી આળસમાં નકામો વખત ગુમાવે છે. આ સંસારમાં જે સ્ત્રીઓને દરેક જાતનું સુખ છે, જેનો સ્વામી પ્રેમી અને સ્ત્રી–ભક્ત છે તેમને રાતદિવસ રોગની ભ્રમિત કલ્પના સતાવ્યા કરે છે.

નિરૂપમાના જીવનમાં કાંઈપણ રહ્યું હોય એમ તેને લાગતું નથી. એના જીવનનું સાર્થક એને હવે જણાતું નથી, તો પછી શામાટે તે દવા કરે? તેના જીવનથી કોને લાભ થવાનો છે? પણ વિધિના અણઉકલ્યા ભાવો કોણ જાણી શકે તેમ છે?

નિરૂપમાની તબીયત વધારે બગડેલી જણાતાં અને તેનો અંતકાળ દવા વિના નજીક આવશે એમ સરલાને લાગવાથી તેણે સર્વ બીના રમણલાલને જણાવી. રમણલાલે ડૉક્ટરને તેડાવ્યો. ડૉક્ટરે આશા છોડી, નિરૂપમાની આજુબાજુ બેઠેલાનાં હૈયાં ઉભરાયાં, અને કરૂણાજનક રૂદન શરૂ થયું. સરલા નિરૂપમાના મ્હોં ઉપરની માખી ઉડાડવા લાગી. જ્યારે નિરૂપમા હાથ કરીને મ્હોં ઉઘાડતી ત્યારે સરલા તેમાં પાણી કે દૂધ રેડતી. પ્રમોદરાયને તાર કરી બોલાવ્યા હતા. તેનું કઠોર હૈયું પણ આ છેવટની ઘડી જોઈ પલળ્યું. તેણે કહ્યું "નિરૂપમા! તારો વજ્ર હૃદયનો પિતાજ તારા નાશનું કારણ છે. હું નરાધમ પૈસા અને સત્તાના મદથી છકી ગયો હતો, અને પાપી પૈસામાંજ સર્વ સુખ જોતો હતો. સમાજ અને દેશના હિતને નહીં ગણકારનાર મારો પાપી દેહ આવે છે, એ જાણીને તેં આ જગતની મુસાફરી પૂરી કરી? સનત્કુમાર! ખરેખર તમે તો સ્વર્ગમાંના કોઈ દેવજ છો. હું ઘોર પિશાચ છું, નરકનો કીડો છું, સેતાન છું. હું તમારા દૈવી હૃદયની વાત કલ્પી શકયો નહીં. વિશ્વાસઘાત કરી તમારા માતપિતાથી તમને દૂર કરાવ્યા. મારાં આ સર્વ પાપોનું પ્રાયશ્ચિત દુનીયામાં છે જ નહીં."

એટલામાં ગંગાજળ વિગેરે લઈ દાસી આવી પહોંચી. તે એક સંન્યાસીએ આપેલી ભસ્મ પણ સાથે લાવી હતી. સરલાને સંન્યાસીમાં શ્રદ્ધા હોવાથી તેણે તે ભસ્મ નિરૂપમાની છાતીએ ચોળી તેથી જરા તેનામાં ચૈતન્ય આવ્યું અને બધાંને આશા બંધાઈ.

* * * * * *

આજે મહાન કર્મવીર સંન્યાસીની પધરામણી થઈ હતી. લોકો તેનું ભાષણ સાંભળવાને હજારોની સંખ્યામાં ગયાં હતાં. પ્રમોદરાય પણ રમણલાલ સાથે દર્શનાર્થે ગયા હતા. પરંતુ દર્શન થયાં નહીં. નિરૂપમાનો રોગ ધીમે ધીમે અજાણ્યા સંન્યાસીની ભસ્મથી અને સરલાની સેવા–સુશ્રુષાથી સારો થવા લાગ્યો. તેને પણ દેશભક્ત સંન્યાસીનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. રમણલાલે પોલિસની મદદથી સંન્યાસી મહારાજની પાસે બીજે દિવસે આસન મેળવ્યું. સંન્યાસી મહારાજે સરલ ભાષામાં દેશની સેવા કરી તેનો ઉદ્ધાર શી રીતે કરી શકાય તેનો સ્હેલો ઉપાય બતાવતાં જણાવ્યું કે:—

"જો આજે હિન્દનું એકેએક માણસ સ્વદેશી વ્રતની પ્રતિજ્ઞા લે અને તે પરિપૂર્ણ પાળે, તેમજ દરેક જણ રેંટીયો ફેરવી કપડાં વણવાનું શરૂ કરે, તો તુર્તજ દેશનાં સર્વ દુઃખો દૂર થઈ શકે તેમ છે. દેશસેવા માટે ભોગ આપવાની જરૂર છે. લોહી રેડવાથીજ દેશની સેવા થાય છે એમ નથી. હાલમાં કેટલાકને હિન્દમાં બનતો માલ સારો લાગતો નહીં હોય, પણ તેથી શું થયું? જો માતા સારી રીતે રાંધી શકતી ન હોય તો શું છોકરાં બીજે જમવા જશે? માતા ભાવપૂર્વક જે આપે તે ગ્રહણ કરી તેમાં સંતોષ માનવો એ સંતતિની પવિત્ર ફરજ છે. હિન્દમાં બનતી દેશી

વસ્તુઓ ભલે પરદેશી માલ કરતાં ઉતરતી હોય, અને મોંઘી હોય તો પણ તેથી ચલાવી લેવું જોઇએ. શું માતૃભૂમિના ઉદ્ધાર માટે એટલો પણ ભોગ ન આપી શકાય ? દેશનાં દુઃખો દૂર કરવા દરેક જાતનો ભોગ આપવા આપણે તૈયાર થવું જોઇએ, અને જો આપણે ભોગ આપીએ તો દેશનાં દર્દો સહેલાઇથી અને સત્વર વિદારી શકીએ. શું આપણે ભીક્ષુકની માફક બીજાના ઘરે રોટલાના ટૂકડા માગવા ? આપણે એકજ દેશના વતની છીએ તો આપણે તૈયાર થઈ સ્વદેશી વ્રત લઇએ અને દેશના કારીગરોને ઉત્તેજન આપી આપણે પ્રાચીન કાળનું ગૌરવ પાછું આણીએ. કવિ ન્હાનાલાલ કહે છે તેમ હવે તોઃ—

> " દેશ સેવાનો દિનકર ઉગે છે, માતૃપૂજાનો યુગ મંડાયો છે:
> તે યુગનો પ્રાણચેતક મહિમા, ઠામ ઠામ ઝળહળે છે. "

આપણે બોલીને બેસી રહેવાનું નથી; પણ કાર્ય કરી બતાવવાનું છે. 'યાહોમ કરીને પડો ફત્તેહ છે આગે.' એ કવિ નર્મદના વચનમાં વિશ્વાસ રાખી ઉઠો, જાગ્રત થાઓ અને કર્તવ્યનું પાલન કરો."

રમણલાલના આગ્રહથી દેશભક્ત સંન્યાસી અને કળાચન્દ્ર તેને ઘેર ગયા. રમણલાલે તેને એક આસનપર બેસાડી સર્વને બોલાવ્યાં. દાસીએ સંન્યાસીને ઓળખ્યા. જે મહાત્માની કૃપાથી નિરૂપમાને આરામ થયો તે આજ છે એમ દાસીએ આશ્ચર્યચકિત થઇને કહ્યું. દાસીનું મસ્તક નમ્યું. નિરૂપમાનું મસ્તક ભાવપૂર્વક સન્યાસીના ચરણોમાં ઢળ્યું. સરલા એક ખૂણામાં મ્હોં છૂપાવીને ઉભી હતી. નિરૂપમાની સાસુની આંખનું તેજ ઘટી ગયેલું હતું; તે વધારે જોઇ શકતી નહોતી; છતાં એ ચાર વાર સંન્યાસીના મુખ સામું જોઇને કહ્યું "આજ મારો સનત." માધવલાલે પણ પુત્રને ઓળખ્યો, અને પોતે તેનો પરિત્યાગ કરેલો હતો; છતાં પુત્રની માતાપિતા પ્રત્યેની ભક્તિ જોઇને તે અત્યંત પ્રસન્ન થયો અને તદ્દન અજાણ્યા હોવા છતાં પોતાની તથા પોતાની પત્નીની જે સેવા નિરૂપમાએ કરી હતી તે યાદ આવતાં પુત્ર કરતાં પુત્રવધુપર તે વધુ પ્રસન્ન થયો.

રાવબહાદૂર પ્રમોદરાયે કહ્યું " ક્ષમા કરો, ક્ષમા કરો. હું પોલિસની નોકરીમાં મારાં હૃદયને વેચી બેઠો હતો, મને ક્ષમા આપી ઘોર પાપમાંથી મુક્ત નહી કરો ? " નિરૂપમાએ રડી રડીને અશ્રુઓથી સનતનાં ચરણો ભીંજવી નાંખ્યા. તેનાથી એક પણ શબ્દ બોલાતો નહોતો. રમણલાલની પત્ની સરોજિની દૂર ઉભી ઉભી વિચાર કરતી હતી કે એમને શું કહીને બોલાવું ? સનત્કુમાર તેજ સંન્યાસી છે એ જાણીને કળાચન્દ્ર અતિશય આશ્ચર્ય પામ્યો. રમણલાલે કહ્યું " વૃદ્ધ માતા, પિતા, સસરાજી અને મૃતપ્રાયઃ નિરૂપમા દેવીને હજી ક્યાં સુધી રડાવવાં છે ? "

સનત્કુમાર જાણે નિદ્રામાંથી જાગૃત થયો હોય તેમ સજળ નયને માતાપિતા અને સસરાના ચરણોમાં તેણે શીશ નમાવ્યું. રમણલાલે હર્ષાનંદમાં વન્દેમાતરમનો પોકાર કર્યો.

વાચકોને જણાવવાની જરૂર રહેતી નથી કે રમણલાલે પોતાની સરકારી નોકરી તથા પ્રમોદરાયે રાવબહાદુરના ઈલ્કાબનો ત્યાગ કરી સ્વરાજ્યની ચળવળમાં જોડાઈ પોતાનું તન, મન અને ધન સમર્પણ કર્યું.

# આર્યયુવતીઓની રણહાક.

શ્રીયુત જિમૂતવાહન સેન નામના એક સ્વયંસેવકને તેની સહધર્મિણીએ નીચેનો પત્ર મોકલ્યો છેઃ—

હજારો માણસો તમને ધન્યવાદ આપતાં જેલના દરવાજા સુધી વળોટાવી આવ્યા, સગાં–સંબંધીઓ પણ તમને યાદ કરી અભિનંદન અને આશિર્વાદ વર્ષાવી રહ્યાં છે. કેવળ હુંજ એક એવી હતી કે જે નતો તમને અભિનંદન અર્પી શકી કે ન આશીર્વાદ ઉચ્ચારી શકી. કારણ આટલુંજ કે તે વખતે એમ કરવા જેટલું સામર્થ્ય મારામાં ન હતું. મારો તે અપરાધ આપ માફ કરશો.

આપનું ગૌરવ હવે હું મારા અંતરમાં અનુભવી શકું છું. હું સમજી શકી છું કે જેલમાં જવા સિવાય તમારે માટે બીજો માર્ગજ ન હતો. છતાં આટલા જલ્દી તમે ચાલી નીકળશો એમ મેં ન્હોતું ધાર્યું. જો મને એ વિષે જરા પણ બાતમી મળી હોત તો હું તમારી સંગાથે આવવાનો જરૂર પ્રયત્ન કરત અને છેવટ વધુ નહીં તો તમારા આશિર્વાદ લેવા જરૂર ભાગ્યશાળી થાત.

જે વખતે હજારો સ્ત્રીપુરૂષો એક અવાજે તમને ધન્યવાદ આપી રહ્યાં હોય, તે વખતે મારા જેવી એક સ્ત્રીનાં હર્ષાશ્રુ છેક નિર્માલ્યજ ગણાવા જોઈએ. જો કે મારૂં હૃદય આજે ચીરાઈ રહ્યું છે; તો પણ હું માનું છું કે સ્વામીના પ્રતાપે જો કોઈ સ્ત્રી ગૌરવાન્વિત થઈ હોય તો હું પણ તેમાંની એક છું. તમારા જેવા સ્વામીને મેળવી હું ધન્ય થઈ છું. તમે આજે મારા અંતરમાં આગ સળગાવી, મારા કપાળ ઉપરનું કલંક ધોઈ નાંખ્યું છે. મારૂં મુખ આજે ઉજ્જ્વળ બન્યું છે. નિર્ભયતા અને ત્યાગ એ શી વસ્તુ છે, તે તમે આજે જગતને બતાવી આપ્યું છે. હું તમને આજ સુધી બરાબર સમજી ન શકી. તમારામાં શું હતું અને તમે મને શું આપ્યું છે તેનો હું આજે વિચાર કરી રહી છું.

હું તો તમારી સહભાગી ગણાઉં. તમે મને એકલી મૂકી કેમ ચાલી નીકળ્યા ? તમે પ્રતિષ્ઠા પામેલી જેલમાં રહી આનંદ કરતા હશો, હું ઘરમાં રહીને જેલ કરતાં પણ અનેક ગણી અસહ્ય મંત્રણા સહી રહી છું. હું જેલ બ્હાર કેમ ? એ દુઃખથી મારૂં હૃદય ફાટી જાય છે. પ્રભુ તમારૂં રક્ષણ કરો ! પ્રસન્નવદને સ્વીકારી લીધેલાં કષ્ટો પાર ઉતારવાની પરમાત્મા તમને શકિત અર્પો ! જેલના જીવનની કઠોરતા તમારી પાસે પુષ્પશય્યા સમ બનો ! અને તમે વિજયી થઈ બ્હાર આવો !

અલ્હાબાદ ખાતે માનનીય પંડિત મોતીલાલ નહેરૂના આનંદભુવનમાં સ્થાનિક વર્તમાનના પ્રતિનિધિએ પંડિતજીનાં ધર્મપત્ની શ્રીમતિ સ્વરૂપરાણીજી તથા તેમનાં પુત્રવધુ શ્રીમતી કમળાદેવીની મુલાકાત લીધી હતી. આનંદભુવનનો હેવાલ આપતાં તેઓ જણાવે છે કે આનંદભુવનની જેવી શોભા અગાઉ થતી, તેવી શોભા આજકાલ રહી નથી. તે ભુવન હાલમાં તો તપસ્વીઓનું આનંદભુવન બની રહ્યું છે. મહાત્માજીના સુપુત્ર દેવીદાસ તથા શ્રીયુત પ્યારેલાલ પંડિતજીના મોટા હોલમાં રહે છે. અને ત્યાંજ ઇન્ડીપેન્ડન્ટની હાથે છપાતી નકલો કાઢવામાં આવે છે. શ્રીયુત મહાદેવ હરીભાઈના તપસ્વીની પત્ની દુર્ગાબાઇ આ બધાઓનાં ભોજન વિગેરેનો પ્રબંધ કરે છે. શ્રીમતિ સ્વરૂપરાણીજી સાથે થયેલી વાતચીતનો સાર નીચે મુજબ છે.

સ૦—પંડિત મોતીલાલ નેહરૂ તથા પંડિત જવાહીરલાલ નેહરૂના જેલ જવાથી આપને કેવો અનુભવ થાય છે? શું આપ એમ સમજો છો કે તેમનું જેલ જવું જરૂરનું હતું?

જ૦—જરૂર, તેમનું જેલ જવું જરૂરનું હતું. જયારે તેઓ દેશનું કામ કરી રહ્યા છે, ત્યારે પછી તેમની જેલ યાત્રા ભારે અસર કરનાર નીવડે છે. અને કામ કરનારાઓમાં નવું જોસ લાવવાને ચૈતન્યરૂપ નિવડે છે, એ તો અમારા સૌભાગ્યની વાત છે કે મારા પતિ તથા પુત્ર જેલ જઈને દેશસેવા કરી રહ્યા છે. ઈશ્વર કરે ને સર્વને સુબુદ્ધિ મળો કે તેઓ દેશને માટે ખુશીથી જેલની તકલીફો સહન કરે.

સ૦—હાલના સમયે રાષ્ટ્રીય હીલચાલમાં પ્રત્યેક સ્ત્રીનું શું કર્તવ્ય છે?

જ૦—હાલના સમયે દેશના કામને જોસ આપવા માટે દરેક સ્ત્રીયે વોલંટીયર બનવું જોઈએ, ચરખા ચલાવવા જોઈએ તથા પોતપોતાના ગામમાં ચરખાનો પ્રચાર કરવો જોઇએ અને ખાદી સિવાય બીજા કશાં કપડાં પહેરવાં ન જોઈએ. હમણાં સ્ત્રીઓને જો કે જેલમાં નથી મોકલવામાં આવતી; પણ વખત આવે જેલમાં પણ જવું જોઈએ, કોઈપણ જાતની મુશ્કેલી ખુશીથી સહન કરવી જોઇએ. ખાલી દેખાવની ખાતર નહિ; પણ ખરાદિલથી કોઈપણ મુશ્કેલી ખુશીથી સહન કરવી જોઇએ.

સ૦—આપ સ્ત્રીઓની બાબતમાં શું કામ કરી રહ્યાં છો ?

જ૦—હું તરતમાંજ કામ શરૂ કરનાર છું. હું સ્ત્રીઓને વોલંટીયર બનાવીશ અને સાથે સ્ત્રી ઉપયોગી ચરખાનું વિદ્યાલય ખોલીશ.

સ૦—શું આપ જેલ જવાની ઉત્કંઠા રાખો છો ?

જ૦—જરૂર, હું પણ જેલ જવાની ઈચ્છા રાખું છું. પણ હમણાં તો સરકાર સ્ત્રીઓને પકડવા ચાહતી નથી. કેમકે અગર જો અંગ્રેજ લોક સારા ઘરની સ્ત્રીઓને પકડી જેલ મોકલે અને એ મુજબ સ્ત્રીઓનું અપમાન કરે તો તેઓ એ પણ સમજે છે કે દેશભરમાં કેવી ભારે અશાંતિ ફેલાઈ જાય? તેઓને એવો પણ ભય રહે છે કે પછી હિન્દુસ્થાની લોક પણ તેમનાં બઈરાંઓનું અપમાન કરે! તેઓ તો પોતાનાં બઈરાંઓની સુરક્ષાની ખાતરજ હિન્દુસ્થાનના બઈરાંઓ ઉપર જુલમ કરતાં નથી.

( ૨ )

રાજકોટમાં પોલીસ તરફથી ના૦ ગવર્નર સાહેબના આગમન વખતે ત્રણ દીવસ સભાબંધી તથા સરઘસો બંધ રાખવાનો કાયદો તા. ૨૯—૩૦ અને ૩૧ જાન્યુઆરી ૧૯૨૨ ના રોજ માટે ૧૪૪ પ્રમાણે બહાર પાડવામાં આવ્યો હતો. તે કાયદો ગેરવ્યાજબી છે અને સ્વતંત્રતાના હક્ક ઉપર ત્રાપ પાડનાર ગણીને તેનો સવિનય ભંગ કરવાને રા. રતીલાલ મયાશંકર રાવળની આગેવાની નીચે તા. ૩૦ મી જાન્યુઆરીના રોજ એક સરઘસ કાઢવામાં આવ્યું હતું. તેથી તે સરઘસના નેતા ભાઈ રતીલાલને પોલીસે પકડી તથા બીજા દશ સ્વયંસેવકોને માર મારી સરઘસને વીખેરી નાંખવામાં આવ્યું હતું. અને ભાઈ રતીલાલનો એ દીવસ કેસ ચાલ્યા પછી તા૦ ૨૫—૨—૨૨ ના રોજ ચુકાદો આપતા તેમને ૧૮૮ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી એક માસની સાદી કેદ અને રૂ. ૨૦૦ દંડ, દંડ ન ભરે તો એક માસની વધારે સજાનો હુકમ સંભળાવ્યો હતો. આ વખતે કોર્ટમાંજ સાત કન્યાઓ હાજર હતી. તેમણે ભાઈ રતીલાલને તીલક કરી, ચોખા ચોડી, સુતરનો હાર પહેરાવી હાથમાં શ્રીફળ આપ્યું. આ શ્રીફળ વધેરી તેની શેષો કોર્ટમાં વહેંચાણી. તે પછી ભાઈ રતીલાલને નીચેનો ધન્યવાદપત્ર આપવામાં આવ્યો.

**વ્હાલા વીરા રતીલાલ !**

તમે ધર્મરક્ષા અર્થે હીંમત બતાવી જે ભોગ આપેલ છે, તેથી અમારા કુમળા હૃદય ઉપર ઉંડી અસર થઈ છે. સ્ત્રીવર્ગ ધર્મની રક્ષા માટે પ્રસીદ્ધ છે; માટેજ આપના ભોગ તરફ હર્ષ બતાવી આ તકે તેની નીશાની રૂપે આ બીડું ( શ્રીફળ ) સપ્રેમ અર્પણ કરતાં પ્રાર્થના કરીએ છીએ કે અમારી આ ન્હાનકડી ભેટની અસરથી આવા ધર્મરક્ષાના કાર્યોનો દેશમાં ફેલાવો થાય. તથાસ્તુ. રાજકોટ, સીવીલ સ્ટેશન સં. ૧૯૭૮ મહા વદી ૧૪ શનીવાર.

અમો છીએ તમારી ધર્મભગીનીઓ, બેન વસંત પ્રાણલાલ શુકલ, બેન

તારાગવરી ભગવાનજી મહેતા, બેન વીજયા વીશ્વનાથ શુકલ, બેન વસંતગવરી રામજીભાઈ બુદ્ધદેવ, બેન નવલ રામજી દોશી, મુક્તા અમરતલાલ શુકલ, કાન્તા ઠાકરસી દોશી, બેન સાવીત્રી ચીકમજી કોટક, બેન શારદાગવરી ભગવાનજી મહેતા, બેન પ્રભાવતી રામજી બુદ્ધદેવ, બેન શાંતી રામજી દોશી, શાંતાગવરી ભગવાનજી, વીજ્યા પરશોતમ પારેખ, ગોદાવરી ભગવાનજી.

( ૩ )

નડીઆદ તાલુકાના સલુણ ગામની ગ્રામ્ય સમીતીના મંત્રીને ત્યાં જમીન મહેસુલ માટે કરેલી જપ્તીના સંબંધમાં તેમની પુત્રીએ નીચે મુજબ પત્ર લખ્યો છે.

શીરછત્ર તીર્થરૂપ મારા વ્હાલા પિતાજી–મુ૦ સલુણ.

કંજરીથી લી૦ બેન જસોદાના પાયે લાગણાં. મોતીભાઇનો લખેલો પત્ર મને ગઈ કાલે મળ્યો હતો. વધુ બીના આજના હિન્દુસ્થાન પત્રમાં છપાયેલી હકીકતથી જાણી છે. આપણે ઘેર જપ્તી કરી વાસણો લઈ ગયા તેથી ઘણુંજ સારૂં થયું છે. માટે તે બાબતમાં જરા પણ હિમ્મત હારશો નહિ. એતો વાસણો ફક્ત લેઇ ગયા તો ભલે, પણ જમીન તથા ઘર કેમ ઉપાડી ન ગયા ? રાજ્યકર્તાના નોકરશાહીઓ અત્યારે ઉજળું દુધ દેખે છે; પણ આખર પરીણામ તેને વિષ જેવું ગણ્યા વિના નહિજ ચાલે અને થોડા વખતમાં તેમની કેવી દશા હશે તે હું કહી શકતી નથી. આજના હિન્દુસ્થાનમાં લખેલી હકીકત પુરેપુરી મેં વાંચી જોતાં મને તો એમજ સમજાય છે કે નોકરશાહીઓએ ધોળે દીવસે જપ્તી કરી નથી, પણ લુંટ કરી છે, એમ કહેવામાં કાંઈ મારી ભુલ થતી હોય એમ હું સમજતીજ નથી. પિતાજી તમે ને મેં મહાસભાના ઠરાવને તેમજ મ૦ ગાંધીજીના સીદ્ધાંતને માથે ચડાવી સત્યને વળગીને જે ઝુંબેશ ઉઠાવી છે તેને હવે તો વળગી રહેવું, એજ ધર્મ છે. સરકારના નોકરશાહીઓ ભલે ઘર જમીન ઉપાડી જાય તોપણ શું થાય ? માટે પરમાત્મા જે કરે છે તે વાજબી અને ન્યાયથીજ કરે છે. અને આપણી કસોટી કાઢે છે. માટે જ્યાં સત્ય છે ત્યાંજ ન્યાય છે. પિતાજીને માલુમ થાય જે તમે વાસણો લેવા ચોરામાં જશોજ નહિ અને તેમને જેમ કરવું હોય તેમ કરવા દેજો ને હરાજ કરી ભલે સરકાર પોતાની તીજોરી નોકરશાહી મારફતે ભરે, એવું ઇચ્છવું જોઈએ ને તાંબા પીત્તળનાં વાસણો આપણી પાસે નહિ રહેવા દે તો કુંભારના ઘડેલાં માટીનાં વાસણો આપણે વાપરીશું. એજ વિનંતી છે.

તા. ૨૨–૨–૨૨ મથુરભાઇએ આપણી ખબર પુછી છે.

( સહી ) લી૦ દીન પુત્રી બેન જસોદા. મુ૦ કંજરી.

# રસોડું.

લેખિકા—સૌ. લક્ષ્મીબાઇ ફાટક.

રસોડું હંમેશા ચોકખું હોવું જોઇએ. એની ચારે બાજુએ બારીઓ હોવી જોઈએ, બારીઓની બહારની જગોચે ચોકખી હવા હોવી જોઇએ, ફક્ત જે દિશા તરફથી પવન વાતો હોય તે દિશા તરફની બારીઓ બંધ રાખવી, કારણ કે તે દિશામાંથી ઘણો પવન આવીને બધો ધુવાડો ઘરમાં ફેલાય. ચુલા ઉપર છાપરામાં ધુમાડીયું હોવું જોઇએ જો કે તે હોય છતાં પણ થોડો ઘણો ધુમાડો ફરી વળ્યા વગર રહેતો નથી.

મરચું, મીઠું, લોટ વિગેરે જણસો મૂકવા માટે એક બે ટાકાં અથવા અભરાઈઓ હોવી જોઇએ. દૂધ, છાશ, ઘી, માખણ રાખવા માટે એકાદું જાળી-વાળું કબાટ હોવું જોઇએ, જાળીનો ઉપયોગ એ છે કે તેમાં થઈને હવા અંદર જાય છે અને તેમ થવાથી દૂધ વિગેરે જણસો બગડવાની બીક રહેતી નથી, તેમજ મરચું, હળદર વિગેરે જણસો કાચની બાટલીમાં અથવા સજ્જડ ઢાકણાવાળા ડબ્બામાં રાખવી; એટલે તેને હવા લાગશે નહિ અને જીવડાં પડવાની પણ ભો રહેશે નહિ. મસાલા જેવી જણસો તો જરૂર બાટલીમાંજ રાખવી જોઈએ. કારણ એની સુગંધ જતાં વાર એ સ્વાદ વિનાની લાગે છે અને તેનો કાંઈ પદાર્થ બનાવીએ તો તેનેય સ્વાદ ચડતો નથી. ડબ્બાઓ અને બાટલીઓ ચોકખી ધોઇને સુકાવ્યા પછી જ તેમાં જણસો ભરવી. નહીંતો બહારની હવા લાગવાને બદલે તેની અંદરની ભીનાશને લીધેજ જણસ બગડી જાય! આમલી, કોકમ અને મીઠું રાખવા માટે ચિનીમાટીનાં અથવા લાકડાનાં ઠામ હોવાં જોઇએ, તેજ પ્રમાણે દંઇ, છાશ વિગેરે ખાટી જણસોને માટે ય ચિની માટીની બરણી હોવી જોઈએ, અને પિત્તળ અગર તાંબાનાં ઠામ હોય તો કલઈ કરાવીને વાપરવાં. અથાણું વિગેરે ચીજો રાખવા માટે એકાદી જરા ઉંચી અભરાઈ અથવા તો તાકું હોવું જોઈએ. એટલે ત્યાં કોઈ સ્હેજ વારમાં અડે નહિં. અથાણું પીરસવા માટે કાઢવાનું હોય ત્યારે બરણીનું મોઢું અને ઢાકણું ચોકખાં લુઇને પછી ઢાકણું લગાડવું અને કપડા વડે તે સારી રીતે બાંધવું એટલે અથાણું બગડવાની ધાસ્તી રહે નહિં.

ઠામ રાખવા માટે કબાટ અથવા અભરાઈઓ હોવી જોઈએ. ઠામને ડાગ ન પડે તે માટે તે ચોકખાં લોઈને રાખવાં. ઠામ કબાટમાં રાખવાં વધારે સારાં, એટલે તેની ઉપર બહારનો કચરો વિગેરે ઉડે નહિં અને તેમનો ખપ પડે ત્યારે તે લોઈને લેવાં પડતાં નથી અને બમણો ત્રાસ પણ પડતો નથી.

રસોડામાં ખાળ પાંચ ફૂટ ઓરસ ચોરસ જોઈએ ખાળમાં નળ અને જેના

ઉપર બેસી શકાય એવો એક પત્થર હોય તો સારૂં; કારણ અડચણને વખતે ત્યાં ન્હાવાની સગવડ થાય છે, ખાળ પાસે પાણીનાં વાસણ રાખવા માટે એક પાણીયારૂં હોવું જોઈએ પણ તે તદ્દન પાસે નહિં હોવું જોઈએ, નહિં તો ખાળનું ગંદુ પાણી ઉડીને ચોકખું પાણી ખરાબ થઈ જાય, તેમજ પાણીયારૂં બહુ છેટે પણ ન હોવું જોઈએ. કારણ પાણી ભરનારને ત્રાસ થાય છે વળી પાણી ભરતાં જરાક પાણી ઢોળાય કે તરત ઘરમાં ભીનું થાય. પાણીના ઘડા, કળશા, તપેલાં વિગેરે વાસણોને કાટ ન ચડે તે માટે તેને છાશ, આમલી લગાડીને ઘસવાનો રિવાજ હોય છે. ઠામ હંમેશાં ઘસવામાં આવે તો કોઈવાર તેમને આમલી ન લગાડી હોય તો પણ ચાલે અને ઠામ ચોકખાં રહે છે.

રસોડામાં ફરસબંદી હોય તો સારૂંજ; નહિં તો ચોકખાઈ માટે હંમેશાં અબોટ કરવો જોઈએ. અબોટ કરવો એટલે ઘરમાં કારણ વગર કાદવ કરવો એમ ઘણા લોકો માને છે; પરંતુ ઉતાવળમાં જમીન ઉપર ઘીનાં અથવા ગોળ વિગેરે ચીકણી ચીજોનાં ટપકાં, તેમજ એઠું પડેલું હોય તો તે બધું લેવાઈ જઈને જગો ચોકખી થાય છે. રસોઈ કરવા વખતે ચુલા ઉપરનાં વાસણો નીચે ઉતારવા માટે સાણસી અથવા કપડું હોય છે તે ચોકખું ધોવું જોઈએ, તેજ પ્રમાણે ચુલા ઉપરની ભીંત હમેશાં સાફ કરીને આઠ દસ દિવસને અંતરે તેના ઉપર અબોટ કરવો જોઈએ. નહીંતો રસોઈમાં બાવા પડીને એકાદી ચીજ નકામી થઈ જાય. તેમજ જે ડબ્બામાં જે ચીજ હોય તેના નામની ચિઠ્ઠી તે ડબ્બાને ચોંટાડવી; એટલે કઈ જણસ છે તે સમજવાને મુશ્કેલ પડે નહિં.

### કુકર (Cooker)

કુકર ઉપર રસોઈ કરવી હોય તો વઘાર દઈ શકાતો નથી એ એક મુશ્કેલી છે. વઘાર દીધા વિનાની રસોઈ બેસ્વાદ લાગે છે. વઘાર દેવા માટે ચૂલો અથવા સગડી સળગાવવી જોઈએ. આમ કરવામાં ફોકટ વખત જઈને બમણો ત્રાસ થાય છે. તેમજ કુકર ઉપર રોટલા, રોટલીઓ કરવાની લગીરે સગવડ હોતી નથી, અને ઉતાવળનું કામ હોય તો તેનો જરાયે ઉપયોગ થતો નથી. કારણ કે શાક, ભાત વિગેરે ચીજો વરાળ ઉપર તૈયાર થતી હોવાથી તેમને ચડવાને બહુ વાર લાગે છે. એક બે જણની રસોઈ કરવાની હોય તો તે થઈ શકશે. કારણ એ ચીજો થોડી કરવાની હોવાથી જલદી કદાચ થાય. પણ દસ માણસોની રસોઈ કુકર ઉપર કરી શકાય નહિં એવું મારૂં માનવું છે, તોપણ એ સંબંધી મારી અનુભવી બેનોની જે માન્યતા હોય તે ખરી !

### સ્ટો ( Stove )

સ્ટો સંબંધી મારો એવો અભિપ્રાય છે કે સ્ટો એ બધી રસોઈને ઉપયોગનો થઈ પડશે નહિં. તેની ઉપર ભાત, શાક, ચાહ, કોફી વિગેરે જણસો થાય. બહુ

તો રોટલી કરી શકાય. અને એ પણ કરવાવાળી ચંચળ હોય તો થાય. રોટલી જલદી ન ફેરવી હોય તો બળી જાય; અથવા તો વધારે શેકવાથી કડક થઈ જાય. રોટલી સારી રીતે શેકાયા છતાં નરમ રહેવી જોઈએ. તેજ પ્રમાણે તળવાની ચીજો ભજીયાં વિગેરે થઇ શકશે.

કારણ કે એકવાર લોટ તૈયાર થયો એટલે પછી તેને કાંઈ કરવાપણું રહેતું નથી. પણ પુરી, કરંજી વિગેરે પદાર્થો એકલીએ કરવા શકય નથી. કારણ કે તે વણીને કરવાના હોય છે. થોડા પંપ કરીને તળીએ તો ફૂલે નહિં અને પંપ વધારે કર્યો હોય તો ઘી બળી જઇને પુરી કડક અને કાળી થઇ જાય. માટે એ જણી ફુરસદ લઈને એક વણે અને બીજી તળવા બેસે તો થવું શકય છે. તેમજ સ્ટો ઉપર રોટલો બનાવવાની બીલકુલ સગવડ હોતી નથી. કારણ કે તેમાં ફુલાવવાનું સાધન હોતું નથી. હમણા સ્ટોનો ઉપયોગ નહિ જાણનારાં માણસ થોડાં હશે. તોપણ જે તેનાથી પુરી રીતે વાકેફગાર હોય તેણેજ સ્ટો સંભાળપૂર્વક સળગાવવો જોઈએ. કારણ તેને લીધે ઘણાની જીંદગી જોખમમાં હોવાનું સાંભળવામાં છે એ મારી બેનોના જાણવામાં હશેજ.

## સેગડી.

હમણાં ઘણું કરીને દરેક ઘરમાં સેગડી ઊપર રસોઈ કરવી સગવડ ભરેલું ધારવામાં આવે છે અને ઘણે ભાગે ખરૂંયે છે. પરંતુ કોયલા સારા હોય તો સેગડી સારી સળગે છે; અને તેની ઊપર ધીરે રહીને સોતળીને ચીજ બનાવવી હોય તો બળી જવાની ભો રહે છે. સેગડી ઊપર રસોઈ કરવાને બીજી કોઈ પણ હરકત નથી. સેગડી પર રોટલો પણ થઈ શકે; પણ બે સેગડીઓ હોવી જોઈએ એટલે બીજી સેગડી ઉપર રોટલો શેકી શકાય અને દરેક રોટલો શેકવા વખતે તવો ઉતારવાની જરૂર રહેતી નથી.

## ચૂલો.

ચૂલા ઉપર રસોઈ કરવી સૌથી વધારે સગવડ ભરેલું છે. કોઇને પણ પહેલવહેલાં રસોઇ કરતાં શિખવું હોય તો તેણે ચૂલા ઉપરજ શીખવું જોઇએ. ચૂલા ઊપર એકજ વખતે બે ચીજો રાંધી શકાય. ઉપરાંત થોડો દેવતા બહાર કાઢયો હોય તો રોટલો શેકી શકાય ટુંકમાં કોઈ પણ જણસ કોઈ પણ વખત જોઇએ તેટલી જલદી જોઈતી હોય તો તે કરી શકાય. ચૂલામાંથી ધુવાડો થાય છે એ ખરૂં; પણ સુકાએલાં લાકડાં લાવ્યા હોય અને ચૂલા ઉપર ધુમાડીયું હોય તો ધુમાડો થતો નથી. ધુમાડો થવાને બીજુંએ કારણ છે. ચૂલામાં છાણાના કટકા અને બળતણ વધારે નાંખ્યાં હોય તોયે ચુલા રૂંધાઈ જઈને ધુમાડો થાય છે. બધી બાબતો ધ્યાનમાં લેતાં, ચુલા ઊપર રસોઈ કરવી અથવા કાંઈ મીઠાઈ કરવી સગવડ ભરેલું છે એ વાત સૌ કોઈ નિર્વિવાદ કબુલ કરશે.

# સમયના પ્રવાહમાં.

**પુરૂષોની જગા સ્ત્રીઓએ પુરી**—અમદાવાદમાં ગયા માસની આખેરીએ એક સભા શ્રીયુત બળવંતરાય પ્રમોદરાય ઠાકોરના પ્રમુખપણા નીચે સાબરમતીની રેતમાં મૌ. મહમદઅલીનાં પત્ની બેગમ સાહેબા અને મૌ. શૌકતઅલીના પુત્ર મિ. ઝાહેદઅલીનાં ભાષણ સાંભળવા મળી હતી. શરૂઆતમાં પ્રો. સ્વામીનારાયણે જણાવ્યું કે હાલની સરકારનો મુદ્દો અસહકારની ચળવળને દબાવી નાંખવાનો હોય એમ દેખાય છે. પણ પ્રભુનો ઉપકાર માનવાનો છે કે જેમ જેમ પ્રજા લાગણીને દબાવવામાં આવે છે તેમ તેમ તે બેવડા બળથી ઉછળે છે. પુરુષ નેતાઓને કબજે કરવામાં આવ્યા, ત્યારે તેમની જગા સન્નારીઓ સાચવી રહી છે. સરકારના મનમાં એમ હશે કે મૌલાના વગેરેને કબજે કરીશું એટલે હીલચાલ દબાઈ જશે અને જે કાંઈ જાગૃતિ મુસલમાનોમાં થઈ છે, તે મંદ પડી જશે; પણ તે ગણુતરી ખોટી પડી છે. મૌલાના કરતાં હજારગણા જુસ્સાથી તેમનાં માતા અને પત્ની વગેરે ચળવળ ચલાવી રહ્યા છે. બંગાળામાં દાસબાબુને બંદીખાને નાંખ્યા, ત્યારે તેમનાં પત્ની શ્રી વાસંતીદેવી દાસબાબુની જગા દીપાવી રહ્યાં છે. પં. મોતીલાલ નેહરૂને કબજે કરવામાં આવ્યા, ત્યારે તેમનાં પત્નીએ સ્વદેશસેવા માટે બીડું ઝડપ્યું છે. હિન્દનો સૂર્ય પાછો ઉઘડશે એવું આ દાખલાઓથી આપણને ભાસી રહ્યું છે. હવે તો લડતનું રહસ્ય બ્હેનોએ સમજી જવું જોઇએ. જો બ્હેનો બરાબર સમજી જાય, તો સલ્તનત ઘડીભર ન ટકી શકે. આપણી લડતનું સબળ શસ્ત્ર સ્વદેશીનું છે.

પ્રમુખે જણાવ્યું કે—જે મૌલાનાઓ દેશને ખૂણે ખૂણે ઘૂમીને કામ કરી રહ્યા હતા, તેમને સરકારે અટકાવમાં રાખ્યા છે, તેથી તેમનું કામ હવે બેગમ સાહેબા કરી રહ્યાં છે. હિન્દના ઇતિહાસમાં સ્ત્રીસેવાનાં દૃષ્ટાંતો જોઇએ તેટલાં છે. તેમણે પૂર્વની રાજપૂત વીરાંગનાઓ જેવું કામ કરવા માંડયું છે. ગઈ કાલની જાહેર સભામાં તેમણે ઉપદેશ આપ્યો હતો કે ખિલાફતપરનું સંકટ જોતાં મુસલમાનોથી એશ—આરામ ન ભોગવી શકાય. ખિલાફતને ખાતર દરેકે બની શકે તેટલો ભોગ આપવો જોઇએ. બેગમ સાહેબાની તબીઅત નરમ છે, છતાં તેઓ સતત કામ કરી રહ્યાં છે. તેમની શી સ્તુતિ કરવી? પોતે ઘરની બહાર પણ ન નીકળી શકતાં, તે :પરદેનશીન બાનુ પોતાની પવિત્ર ફરજની ખાતર, મૌલાના તુંરગનિવાસી થતાં મર્યાદાને બાજુપર મૂકીને સ્થળે સ્થળે ફરીને કર્ત્તવ્ય બજાવી રહ્યાં છે ને બીજાઓને કર્ત્તવ્યદક્ષ બનાવી રહ્યાં છે. આપ તેમને શાંતિથી સાંભળશો.

બેગમ સાહેબાએ તે પછી ભાષણ કરતાં જણાવ્યું કે—આજકાલ ધર્મ પર ભારે આફત આવી પડી છે, મામલો બારીક થઈ પડયો છે. જાન, માલ ને ઇજ્જત—આબરૂની રક્ષા માટે હવે ભારે હિંમત ને કૌવત હોવાં જોઇએ. હિંમત નહિ હોય તો કામ કંઇજ નહિ થઈ શકે. પુરૂષ માત્ર તૈયાર થાઓ ને ઘરમાં સ્ત્રીઓને પણ તૈયાર કરો. મને એવો અનુભવ થયો છે કે ગૂજરાતમાં હજુ બ્હેનો જોઇએ તેવી તૈયાર નથી, બહુ અફસોસની વાત છે. ઇસ્લામ પર કેવો સિતમ ગુજરે છે, તે હજુ બ્હેનોને બરાબર સમજાવવામાં આવતું હોય તેમ નથી લાગતું. આપ એમ સમજતા હશો કે ઓરત

જાત શું કરી શકવાની હતી ? પણ તમે તેમને કામ સોંપી જુઓ પછી તેની શક્તિની કિંમત આંકજો. જેટલા હક મરદને છે, તેટલાજ હક્ક ઓરતને ઇસ્લામ ધર્મમાં છે. ભલે બ્હેનો જાહેરમાં ન આવે. ગમે તો ઘરમાં બેસીને પણ કામ કરો. ચરખો કાંતવાનું કામ મુખ્ય છે. તૈયાર થાઓ. જાનની કુરબાની કરવી પડે તો તે કરીને પણ હેતુ સાધો. મર્દ જમણો હાથ છે ને ઓરત ડાબો હાથ છે. એકજ હાથે તાલી પડી સાંભળી છે ? ધ્યાન આપજો કે ખાવા, પીવા ને ખપી જવા ખાતર ખુદાએ તમને સરજ્યા નથી. સ્વદેશને માટે, સ્વધર્મને માટે જીવન છે, તેટલું ભાન થવું જોઇએ. ઈન્સાનને મરવાનું તો છેજ, પણ બ્હાદુરીથીજ મરવું, જેથી ખુદા રાજી થાય. હું પૂછું છું કે આપે દેશને ખાતર, ખીલાફતને ખાતર શું કર્યું છે ? હિન્દુ ને મુસલમાન બન્ને ખુદાના બંદા છે. બન્ને સંપ સંપીને દેશને ખાતર તૈયાર થાઓ. ખિલાફતનો ફડચો તમારી તૈયારી સિવાય થવાનો નથી. એક કાનેથી સાંભળીને બીજે કાને કહાડી નાંખવામાં આવે, એવી સ્થિતિમાં આપણે કંઈજ ન કરી શકીએ, આપણે આપણાં બચ્ચાંને રાષ્ટ્રીય શિક્ષણ આપવું જોઇએ. આબાલ વૃદ્ધ દરેકે સ્વયંસેવક મંડળમાં જોડાવું જોઇએ. ખિલાફત અને કોંગ્રેસના મેમ્બર થવું જોઇએ. સ્ત્રી પુરૂષે ચરખો કાંતવો જોઇએ. ચરખો તો પુરાણી ચીજ છે, તે કાંઇ નવી વસ્તુ નથી. જીવમાં જીવ રહે ત્યાં સુધી સ્વદેશસેવા માટે મંડયા રહેવું જોઈએ. દેશની ગરીબાઇનો પાર નથી. પેટ ભરીને એક ટંક પુરતું વાળુ પણ લોકો કરી શકતા નથી. ધનિકો એક ટંક જેવું તેવું ખાય, ત્યારે તેમને ગરીબોની દશાનું ભાન થાય. અંગોરાની દશા બૂરી થઇ છે. આપણે આપણા ગજા માફક તેના ફંડમાં નાણાં ભરવાં જોઇએ. ખાદીનોજ ઉપયોગ કરવો જોઈએ. સ્વદેશીના પ્રચારથી જબ્બર જીત રહેલી છે. કેટલાક ફરિયાદ કરે છે કે ખાદી મોંઘી છે. મોંઘી છે તેનું કારણ એ છે કે તે ઘરગથુ ઉદ્યોગ થઇ પડયો નથી. ઘેર ઘેર ખાદી વણાતી થઈ જાય, તો તે ઘણીજ સસ્તી થાય—ટુંકામાં દરેક કઠિન વાત કે કઠિન વસ્તુને સહેલી કે સસ્તી બનાવી દેવી તે આપણા જ હાથની વાત છે. તે તમે સમજો ને સ્વદેશસેવા માટે તૈયાર થાઓ.

**સાસુને ડામ દેવાનો શોખ**—મુંબઇની પોલીસ કોર્ટમાં ભાગીરથી નામની હીંદુ સ્ત્રીને પોતાની ચાર વરસની ઉમરની વહુ તુલીબાઇને લોખંડના ચીપીયાથી ડામ દઇ ગંભીર ઇજા કરવાના આરોપ માટે ઉભી કીધી હતી. એવું જણાય છે કે છોકરીની ચોક્કસ ખામી સુધારવાને માટે તેણીને ડામ દેવામાં આવ્યા હતા. તહોમતદારે આરોપ કબુલ રાખ્યો હતો ને કોર્ટ પાસે દયા માંગી. મેજીસ્ટ્રેટે તેણીને રૂપિયા પંચોતેરના દંડની અથવા ત્રણ માસની સખ્ત કેદખાનાની સજા કીધી. દંડ વસુલ થાય તે ફરીયાદી છોકરીને આપવાનો હુકમ કીધો હતો. સાસુના શોખનો આ અવધી નહિં તો બીજું શું ?

**લાલાજીનાં પુત્રી**—લાલા લજપતરાયની વીર યુવાન પુત્રી લાહોર ખાતે પરદેશી કાપડની દુકાનોપર પીકેટીંગ કરવા નીકળેલી બાનુઓની સરદારી લઈ બહાર પડી છે. બ્હેનોના આવા હાર્દિક શ્રમથી અંબાલાના જગાધારી અને બોઝય ખાતેનો તમામ કાપડના વેપારીઓએ હવેથી પરદેશી માલ ન મંગાવવાના કસમ લીધા છે, એટલુંજ નહિં પણ ત્યાં દારૂનો ખપ લગભગ નાબુદ થયો છે.

આ પ્રાંતમાં વિશેષમાં મે.ટગોમરીની વેશ્યાઓએ પણ શુદ્ધ ખાદીમાં પોતાનું સરઘસ કાઢ્યું હતું ને તે પછી સેંકડો લોકો ખાદી સજતા થઈ ગયા છે.

**સ્પષ્ટતા**—મી. બાવિશીના એક લેખમાં મર્હુમ ગોપાળકૃષ્ણ ગોખલેની ધર્મપત્નીના પતિભક્તિનું જે વર્ણન છે તે સામે એક અનુભવી લખે છે કે—"શ્રીયુત ગોખલેનાં પત્ની તેમના અવસાન પહેલા ગુજરી ગયાં હતાં. તેમની પાછળ બે દીકરીઓજ હતી. મારે ગોખલે સાથે થયેલ વાતમાં પણ તેમજ સમજાતું."

વળી આ લેખમાં બહેન સરલાદેવી તજ બહેન ચૌધરાણીના જુદા જુદા નામો આપેલ છે. જ્યારે તેઓ બન્ને એકજ છે તો આ ભુલોથી સમજફેર ન થાય તેની સ્પષ્ટતાને ખાતર આટલો ખુલાસો પ્રકટ કરવા દુરસ્ત ધાર્યું છે.

**શ્રીમતિ કસ્તુરબા ગાંધીનું કાર્યક્ષેત્ર અને સન્દેશો**—મહાત્મા ગાંધીને સજા થતાં તેમનાં પત્ની શ્રીમતિ કસ્તુરબા ગાંધી બારડોલી ગયાં છે અને ત્યાં ગાંધીજીનું અધુરૂં કાર્ય ઉપાડી લેવામાં આગેવાની લીધી છે. પૂજ્ય ગંગાબ્હેન મજમુદાર તેમની સાથે છે. તેઓ પુરૂષો અને સ્ત્રીઓને મહાસભાના સભાસદ બનાવી રહ્યાં છે અને રેંટીયા તથા ખાદીનો પ્રચાર વધાર્યે જાય છે. મુસાફરીમાં ક્યાંક રોટલા તો ક્યાંક ખીચડી ખાઇને પોતાના કાર્યમાં આગળ ધપ્યેજ જાય છે.

શ્રીમતી કસ્તુર બ્હેન નથી જાજું ભણેલાં કે નથી મોટા ભાષણો કરનારા, તેઓ તો કામ કરવું અને સહેવું તેજ શીખ્યાં છે. પતિની આજ્ઞા અને કાર્યને અનુસરવું તેજ તેમણે ધર્મ માન્યો છે. આફ્રીકામાં પણ મહાત્માજીની સેવાને ટેકો આપતાં ત્રણ મહીનાની સખત જેલનો સ્વાદ ચાખી આવેલ છે. આ જેલના દહાડામાંએ તેમણે ઉપવાસો કર્યા, દુઃખો સહ્યાં છતાં નિશ્ચય નહોતો છોડ્યો. અત્યારે પણ મહાત્માશ્રી જેલમાં જતાં પોતે તેમનું કાર્ય સંભાળવા બહાર આવ્યાં છે ને દેશને કહેવરાવ્યું છે કે—"મારા દુઃખ વિષે જેમને લાગી આવતું હોય અને જેમના મનમાં ગાંધીજીને વિષે માન હોય તેઓ તેમનો શાન્તિનો ને ખાદીનો સંદેશો અમલમાં મુકે. બહેનોને હું ખાસ વિનંતિ કરૂં છું કે તેઓ પરદેશી કાપડનો ત્યાગ કરે, ખાદીજ પહેરે અને રેંટીયો ચલાવે. બારડોલીમાં અને દીલ્હીમાં જે યોજના ઘડાઈ છે તે પ્રમાણે બધા કામ કરતાં થઈ જશે એવી હું ઉમેદ રાખું છું. તે કામ પણ સત્યાગ્રહ જેટલું અસરકારક છે, આખરે તેમાંજ દેશનું ભલું છે. ગાંધીજીને અને દેશને છોડાવવાનો ઉપાય એકજ છે અને તે આપણા હાથમાંજ છે. કોર્ટમાં છેલ્લી ઘડી સુધી ગાંધીજીએ ખાદીનોજ ઉપદેશ કર્યો છે, ખાદીથીજ સ્ત્રીઓના અને દેશના શિયળનું રક્ષણ થશે, ખિલાફતનો ફડચો, પંજાબનો ઇન્સાફ, અને ખાદીથીજ સ્વરાજપ્રાપ્તિ થઇ શકશે."

# પુત્ર જોઇએ છે કે પુત્રી?

સંતાનને માટે કપાળે હાથ ફેરવવા કે દોરા-ધાગા કરીને હેરાન શામાટે થવું જોઇએ ? જે જોઇએ તે મેળવવાની કળા શીખી લ્યો-તમારો સંસાર જ એવો રચો કે **જીંદગીભર સુખ-સંતોષ અને આબાદી** જ ભોગવી શકાય. જ્યાં કુશળ-નિરોગી અને શાંત સુંદરી હોય, ત્યાં શું ખામી રહે ?

મનમાની પ્રજાને જન્મ આપીને તેને ઉછેરવા અને બળવાન રત્નોની રક્ષા કરીને ભવિષ્યની આદર્શ પ્રજા તૈયાર કરવાને જરૂરના દરેક પાઠો શીખવા હોય તો—

## મહીલા-મહોદય.

જરૂર વાંચી જજો. દરેક ઘરમાં તે હાથહાથ વંચાવું જોઇએ. આ ગ્રંથ એક સંસારની સુંદરતાનો કીમતી ખજાનો છે. જે કલ્પવૃક્ષનું કામ કરે છે. આ ગ્રંથની ઉપયોગીતા માટે એજ પ્રમાણપત્ર છે કે તેને **મુંબઇ સરકારના કેળવણી ખાતાએ તેમજ વડોદરા, જુનાગઢ અને પોરબંદરના કેળવણી ખાતાએ ઇનામ તથા પુસ્તકાલય માટે મંજુર કરેલ છે.** તેમાં નીચેના વિષયો છે તે જાણી જવાથી ખાત્રી થશે.

**પ્રથમ પરિચ્છેદ—**

૧ બાળલગ્ન.
૨ પુષ્પ ગર્ભાશય.
૩ ઋતુવંતીના ધર્મ.
૪ ઋતુ સ્નાન પછીનો વિધિ.
૫ શયન ચિકિત્સા.
૬ પુત્રિ કે પુત્ર પેદા કરવાની વિધિ.
૭ નક્ષત્ર વિચાર.
૮ આહાર વિહાર.
૯ સ્વચ્છતાની સંતતિ ફળ ઉપર અસર.
૧૦ માનસિક ભાવનાનો પ્રભાવ.
૧૧ ગર્ભ કેળવણી.
૧૨ પુત્ર અને પુત્રીમાં સમાનતા.
૧૩ ગર્ભ રહ્યો છે કે કેમ ? તેની પરીક્ષા.
૧૪ ગર્ભમાં પુત્ર છે કે પુત્રિ તે જાણવાની રીત.
૧૫ ગર્ભિણીએ પાળવાના નિયમો.
૧૬ સોળ સંસ્કાર.
૧૭ ગર્ભાધાન સંસ્કાર વિધિ

૧૮ પુંસવન સંસ્કાર વિધિ.
૧૯ પ્રસૂતિને પાળવાના નિયમો.
૨૦ ગર્ભવંતીના દર્દો અને તેના ઉપાયો.
૨૧ પ્રસવ સમય જાણવાના લક્ષણ.
૨૨ સુવાવડીના માટે કેવું મકાન જોઈએ?
૨૩ વેણ લાવવાના ઉપાય.
૨૪ પ્રસવ સમયની વ્યાધિઓ અને તેનો ઉપાય.
૨૫ ઓર ન પડતી હોય તો તેના ઉપાય.
૨૬ જન્મ સંસ્કાર વિધિ.
૨૭ ગળથુથી
૨૮ સુવાવડીનો ખોરાક.
૨૯ પ્રસવ સુળનો ઉપાય.
૩૦ દાર્વ્યાદિક કવાથ.
૩૧ ચંદ્ર દર્શન વિધિ.
૩૨ ન્હવણ વિધિ.
૩૩ ક્ષિરાસન સંસ્કાર વિધિ.
૩૪ ષષ્ઠી પૂજન સંસ્કાર.
૩૫ નામાધિકરણ સંસ્કાર.
૩૬ સુંઠીપાક (કાટલું)
૩૭ બાળકને શી રીતે ઉછેરવા?

દ્વિતીય પરિચ્છેદ.

૩૮ સંતતિ સંરક્ષણ.
૩૯ સબળ સંતતિ ઉત્પન્ન થવાનો સમય.
૪૦ ધાવણ પરિક્ષા.
૪૧ ભાડુતી ધાવ.
૪૨ ગાય કે બકરીના દુધનું સેવન.
૪૩ ન્હેમ.
૪૪ સ્તનપાનનો સમય.
૪૫ ધાવણ વધારવાનો ઉપાય.
૪૬ અજીર્ણનો ઉપાય.
૪૭ બાળકને બલિષ્ઠ કેમ બનાવવું.
૪૮ અન્ન પ્રાશન સંસ્કારવિધિ.
૪૯ ખોરાક શરૂ કરવાની આગાહી.
૫૦ બાળકનો શરૂઆતનો ખોરાક.
૫૧ બાળકને ન્હવરાવવાનું ધોરણ.
૫૨ બાળકના અંગોની ખીલવણી.
૫૩ સ્વચ્છ હવાનો પરિચય.
૫૪ કસરત.
૫૫ બાળકના લોહીની શક્તિનું માપ.
૫૬ રહેવાનું મકાન કેવું જોઇએ?
૫૭ બાળકને કેટલી ઉંઘ જરૂરની છે?
૫૮ બાળકને કપડાં કેવાં પહેરાવવાં?
૫૯ બાળકને ચાલતાં શી રીતે શીખવવું?
૬૦ દાંત ફુટતી વખતે રાખવાની માવજત.
૬૧ બાળકને બોલતાં શી રીતે શીખવવું?
૬૨ બાળકની સાથે માબાપોએ કેમ વર્ત્તવું?
૬૩ માબાપ એ બાળકના વર્ત્તમાન ગુરૂ છે.
૬૪ સોબત તેવી અસર.
૬૫ તમાકુનો ઝેરી મહિમા.
૬૪ તમાકુનો હિંદમાં પ્રવેશ.
૬૭ બાળકો અને દાગીના.
૬૮ બાળઅંજન.
૬૯ બાળાગોળી.
૭૦ બાળકને બળીયા શીળી કઢાવવાં.
૭૧ બાળકોને પ્રાથમિક શિક્ષણ.
૭૨ બાળ શિક્ષણમાં રાખવાની સંભાળ.
૭૩ બાળકના રોગ પારખવાની રીત.
૭૪ બાળકના ખાસ રોગો.
૭૫ બાળરોગો માટે ઔષધી.
૭૬ દવાનું પ્રમાણ.
૭૭ કર્ણવેધ સંસ્કાર
૭૮ કેશ વપન સંસ્કાર.
૭૯ ઉપનયન સંસ્કાર.
૮૦ વિદ્યારંભ સંસ્કાર.
૮૧ શિક્ષણમાં માતાના સંકલ્પ બળની અસર.

તૃતીય પરિચ્છેદ.

૮૨ પુત્રિ શિક્ષણ.
૮૩ માતાના વીરત્વનું ફળ.
૮૪ શિક્ષિત સ્ત્રીનો ગૃહ સંસાર.

ચતુર્થ પરિચ્છેદ.

૮૫ પ્રાચિન સતીઓનું શિક્ષણીય જીવન.
૮૬ કૌશલ્યા.
૮૭ સીતા.
૮૮ સુમિત્રા.
૮૯ જરૂત્કાર.

૯૦ ઉભયભારતી.
૯૧ લીલાવતી.
૯૨ દ્રૌપદી.
૯૩ ગાંધારી.
૯૪ મદાલસા.
૯૫ દમયંતી.
૯૬ મંદોદરી.
૯૭ તારામતી.
૯૮ મૈનાવતી.
૯૯ કર્માદેવી.
૧૦૦ તારાબાઈ.
૧૦૧ પદ્માવતી.
૧૦૨ પ્રતાપરાણાની પત્ની.
૧૦૩ ચારૂમતી.
૧૦૪ મીરાંબાઈ.
૧૦૫ દુર્ગાવતી.
૧૦૬ અહલ્યાબાઇ.
૧૦૭ વેજીબાઈ.
૧૦૮ રાણી ચંદા.
૧૦૯ શ્રીમતી હરદેવી.
૧૧૦ કહાનદેવી.
૧૧૧ પરમેશ્વરી દેવી.
૧૧૨ રઘુરાજ કુમારી.
૧૧૩ સરલા દેવી.
૧૧૪ અજ્ઞાન સ્ત્રીઓનું વર્ણન.

## પંચમ પરિચ્છેદ.

૧૧૫ લગ્ન કેવડી ઉમ્મરથી જોડવા.
૧૧૬ કેવા વરને કન્યા પરણાવવી જોઇએ.
૧૧૭ સ્ત્રી પોતે સાસરે જતાં ધ્યાનમાં લેવા યોગ્ય નિયમો.
૧૧૮ પતિ પ્રત્યેના ધર્મ માટે શાસ્ત્રોની આજ્ઞા.
૧૧૯ ઘરેણાં કેવાં પહેરવા ?

## ષષ્ઠ પરિચ્છેદ.

### પતિવ્રતા પ્રમદાઓ.

૧૨૦ સુલસા સતી.
૧૨૧ મદનરેખા.
૧૨૨ દમયંતી.
૧૨૩ સીતાજી.
૧૨૪ સુભદ્રા.
૧૨૫ અંજના સુંદરી
૧૨૬ શિવાસુંદરી.
૧૨૭ દ્રોપદી.
૧૨૮ જયેષ્ઠા.
૧૨૯ મૃગાવતી.
૧૩૦ કલાવતી.
૧૩૧ શીળવતી.
૧૩૨ ઋષિદત્તા.
૧૩૩ નંદયંતી.
૧૩૪ રતીસુંદરી.
૧૩૫ નર્મદાસુંદરી.
૧૩૬ બ્રહ્મબાળા.

## સપ્તમ પરિચ્છેદ.

૧૩૭ પૂર્વે પુત્રિઓને અપાતું શિક્ષણ.
૧૩૮ સ્ત્રીઓની ૬૪ કળાઓ.
૧૩૯ બાળકીઓને જરૂરનું શિક્ષણ.
૧૪૦ નિયમિતપણું.
૧૪૧ માતૃપિતૃ ભક્તિ.
૧૪૨ વિદ્યા અને વિનયનું શિક્ષણ.
૧૪૩ બુદ્ધિ વિકાસ.
૧૪૪ મિલનસાર પ્રથા અને ગૃહવ્યવસ્થા.
૧૪૫ સ્ત્રીઓનું સામાન્ય ધર્મશાસ્ત્ર.
૧૪૬ સામાન્ય નીતિ સૂત્રો.
૧૪૭ સ્ત્રીઓની હાલત સુધારવા સંબંધી કેટલાક ઉપાયો.
૧૪૮ સ્વદેશ પ્રેમની ગરબી.

આવા ગ્રંથો કંઈ હમેશાં પડી રહેતા નથી. વહેલો તેજ પહેલો. પહેલી આવૃત્તિ ખલાસ થઇ જવાથી બીજી આવૃત્તિ કાઢી છે અને તે જોતજોતામાં ઉપડી જવા લાગી છે. માટે આ પુસ્તક ખરીદવામાં આળસ નહિ રાખવું જોઇએ. પાકું કપડાનું પુઠું, ઉંચા કાગળ અને લગભગ બસો પાનાનો, ચિત્રોથી ભરપૂર ગ્રંથ છે છતાં કીંમત રૂા. બેજ રાખી છે. ટપાલ ખર્ચ જુદો. તાકીદે મંગાવી લ્યો.

**શ્રી સુખ દર્પણ ઓફીસ,**

**ભાવનગર.**

# પુસ્તક છપાવનારાઓને ખાસ સગવડ.

કોઇ પણ જાતનું સંસ્કૃત, ગુજરાતી વા ઇંગ્રેજી પુસ્તક, અગર પોથી–પાનાની સાઇઝમાં સ્વચ્છ અને સુંદર ટાઇપોથી અમારા પ્રેસમાં છાપવાનું કામ કરી આપવામાં આવે છે. કાગળો તેમજ બાઇન્ડીંગની સગવડતા પણ સાથેજ છે. તો પોથી. બુકો, રીપોર્ટો, માસિકો કે નાનું મોટું કંઇપણ કામ છપાવવાનો વિચાર થતાં દરેક સંસ્થાઓ, પૂજ્ય મુનિરાજો તથા અન્ય ગૃહસ્થો નીચેના શિરનામે પુછપરછ કરવા તસ્દી લેશો તો અવશ્ય લાભ થશે.

શેઠ. દેવચંદ દામજી અને ગુલાબચંદ લલ્લુભાઇની કું.

માલેકો આનંદ પ્રીન્ટીંગ પ્રેસ, ભાવનગર

વિશ્વાસ છે ક્યાં ?
ત્રણ દિવસમાં ફાયદો ન થાય તો પૈસા પાછા !
આંખના તમામ દરદો માટે બીનહરીફ—
સુરમાનો રાજા,
સુરમો મમીરાનો.
(કીં. તોલાના રૂ. પચીશ).
શુદ્ધ-સાચા મોતીનો
(કીં. તોલાના રૂ. દશ–ચાર–બે)

મફત ૬૩ વર્ષનું કેલેન્ડર.
નબળાં બાળકો માટે અમૃત, શક્તિનો ખજાનો,
ધીરજ-બાલગુટીકા અમીરી-બાલસોગઠી
(ગોળી ૧૨૫ ની ડબીના આ. ૧૨) (ડબીનો રૂ. ૧)
મનહર સુગંધી ગુંદીઉં કંકુ.
( કીં. ડબીના આના ૭. નાની ડબીના આના ત્રણ )
મેસર્સ ધીરજ અગરબત્તી વર્કસ,
રાજેન્દ્રરોડ—જામનગર.

ગર્ભ જીવન.

ગર્ભ જીવનથી પ્રદર, લોહીવા, અનિયમીત રૂતુ, દુખાવો, હીસ્ત્રીઆ, છોડ, સોજો, પેશાબ બળતરા મટી ગર્ભ રહે છે. કીંમત રૂ. ૩

ગર્ભ રક્ષકથી રતવા, સુવારોગ, કસુવાવડો થતી બંધ રહી પુરા માસે દુઃખ વગર લાંબા આયુષ્યવાળો બાળક જન્મે છે. કીંમત રૂ. ૪

ત્રીસ વરસના અનુભવની સ્ત્રી જાતીની અપુર્વ શોધની દવાથી આશા મુકેલી મોટી ઉમરની હજારો સ્ત્રીઓના ઘેર ઘોડીઆં બંધાયાં છે.

સર્ટીફીકેટો—ડૉ૦ તુલજારામ ચુ. ખાંડવાલા એલ. એમ. એન્ડ એસ. તમારી દવાઓ અકસીર છે. ડૉ૦ ડી. બી. પંડયા એલ. એમ. એન્ડ એસ. નવસારી ગર્ભજીવન ઉત્તમ ઔષધી છે. આણંદરાય દવે બી. એ. એલ. એલ. બી. રાજકોટ, દવા વાપરી સંતોષ થયો છે. મણીલાલ ન. બી. એ. નડીઆદ, દવાઓ સારી છે. માણેકલાલ બી. થાણદાર દાંતા, તમારી દવાથી ચી. નો જન્મ થયો. દા. સા. પૃથ્વીસીંહજી સુદાસણા, તમારી દવાથી કુંવર જન્મ્યા, ઇનામ રૂ. ૧૫૦ સ્વીકારશો દા. સા. વડાગામ, કુંવર જન્મ્યા, ઇનામ રૂ. ૧૨૫ લેશો. ક્રષ્ણશંકર ગી. હાઇકોર્ટ મુંબઇ, જાહેર ખબરથી ઠગાએલાએ તમારી દવાનો અનુભવ લેવો જોઇએ. યાસીનમીયાં બી. એ. કલોલ, તમારી દવાથી છોકરી જન્મી. ભવાનીશંકર ડે. એ. ઇ. જામનગર, તમારી દવા દશ માણસને આપી તેમાં એકે નીષ્ફળ થયો નથી. દોરાબજી દા. મુંબઇ, બેંક પુના. હીસ્ત્રીઆ, લોહીવા ને પ્રદર ત્રણ દરદી ૨૪ કલાકમાં સાજા થયા. ક્રપાબાઇ હે. મી. સાદ્રા, હું નહોતી ધારતી કે સ્ત્રી વર્ગની શોધ આટલી ફતેહમંદ નીવડશે. આવાં ઘણાં સર્ટીફીકેટો છે. કટીસ્નાન, પોટલીઓ ને ખાવાની દવાથી ગર્ભાશયનાં હઠીલા દરદો મટાડવામાં ગંગાબાઇની દવા ઘરોઘર જાણીતી ને માનીતી થઇ છે.

દરદની હકીકત લખો–યોગ્ય દવા વી. પી. થી મોકલશું.

એડરેસઃ— { ગંગાબાઇ પ્રાણશંકર.
હે. મી. વીક્ટોરીયા સ્કુલ,–મુ૦ માણસા, ગુજરાત.

ખાસ સ્વદેશી સગવડ.

કેસર, કસ્તુરી, અમર, બરાસકપુર, ઉંચી અગરબતી, અગર, દશાંગીધુપ, સોના ચાંદીના પાના, સુખડ, અતર, હીંગ, હરડે, ખાપરીયું, મોમાઇ, સીલાજીત, મોતીનો સુરમો વિગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન.

ડી. શાન્તીલાલ ક્રાન્તીલાલની કું. જુમામસીદ, નં. ૧૨૭ મુંબઇ.

ઘણું મોડું થાય તે પહેલાં તમારા
વાળ પ્રત્યે ધ્યાન આપો.

તમારા વાળ કાંસકીમાં નીકળી આવવા
લાગે ત્યાંસુધી થોભો નહીં. કારણકે
તે વાળના મુળમાં સડો થવાની
ગંભીર સ્થિતિ સુચવે છે.
તમો આજથીજ

## કામીનીઆ

## ઓઇલ

(રજીસ્ટર્ડ)



વાપરવાનું શરૂ કરો, તે વાળના સઘળા રોગો ઉપર અકસીર ઇલાજ છે. વાળમાં ખરબચડાપણું, બરડપણું, નિસ્તેજપણુ દુર થઇ વાળ સુંદર, નરમ, સુંવાળા અને ચકચકીત થશે. આ સાદા પણ કીંમતી ઇલાજની આજથીજ અજમાયશ કરવાનું શરૂ કરો. તે તમારા વાળના મુળીઆને પોષણ આપી વાળને શોભાયમાન બનાવશે.

| | | | વી. પી. ખર્ચ |
|---|---|---|---|
| કીંમત. | ૧ બાટલીના | ૧–૦–૦ | ૦–૫–૦ જુદા |
| | ૩ ,, | ૨-૧૦-૦ | ૦-૧૪-૦ જુદા |

કામીનીઆ ઓઇલ હરેક ગામ તથા શહેરમાં ખોરાકી સામાન તથા દવા વેચનારા પાસેથી મળી શકશે.

સોલ એજન્ટ,

**ધી એંગ્લો ઇન્ડીયન ડ્રગ**
**એન્ડ કેમીકલ કું.**
**૧૫૫ જુમામસજીદ મુંબઇ.**

### સેન્ટનો રાજા

# ઓટો
# દીલ બહાર

( રજીસ્ટર્ડ )

ચંબેલી, મોગરો, જુઇ વીગેરે ઉત્તમ પ્રકારના ફુલોની સુગંધીનું બનાવવામાં આવ્યું છે. કપડાં અથવા રૂમાલ ઉપર લગાડતાંની સાથે દીલને પ્રફુલ્લિત કરનારી સુગંધ આસપાસ ફેલાઇ રહે છે. આ કારણને લીધે સારે અવસરે, માંગલીક પ્રસંગે, મંદીરે જતી વખતે સુજ્ઞ જનો આસપાસની હવા શુદ્ધ સુગંધીત બનાવવા માટે **ઓટો દીલબહાર** વાપરે છે. તમો પણ આ બાદશાહી અત્તર વાપરો.

| | | |
|---|---|---|
| કીંમત. | અડધા આઉંસની બાટલી | રૂ. ૨–૦–૦ |
| | એક ડ્રામની ,, | રૂ. ૦-૧૨-૦ |
| | અડધા ,, ,, | રૂ. ૦–૮–૦ |

બહારગામથી મંગાવનારાને
વી૦ પી૦ ખર્ચ ૦–૫–૦ જુદા પડશે.

તમારા નજદીકના દુકાનદારો પાસેથી ખરીદતી વખતે **ઓટો દીલબહાર** નામ વાંચીને સીલબંધ બાટલી ખરીદજો, નહીં તો ભળતુંજ આપી દેશે.

સોલ એજન્ટ.

**ધી એંગ્લો ઇન્ડીયન ડ્રગ**
**એન્ડ કેમીકલ કું.**
**૧૫૫ જુમામસજીદ મુંબઇ.**

આ માસિક શેઠ દેવચંદ દામજીએ પોતાને માટે ભાવનગરમાં—"આનંદ પ્રીન્ટીંગ પ્રેસ" માં છાપી 'શ્રાવિકા માસિક' ની ઓફીસમાંથી પ્રગટ કર્યું.